સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

48th વર્ષમાં મંગલ પ્રારંભ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧ જૂનાગઢ તા.૧૬-૧૨-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 01, Junagadh : Date : 16 December, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay







# સંસદમાં ઘુસણખોરી કરનાર આરોપીઓનો મલીન ઈરાદો દેશમાં અરાજકતા ફેલાવવાનો હતો

## વિદેશી ફંડીંગ-આતંકવાદી સંગઠનો સાથે જોડાણ વગેરે દિશામાં સઘન તપાસ



નવી દિલ્હી તા.૧૬

લોકસભામાં સ્મોકકેર્કર્સ સાથે ઝંપલાવનારા આરોપીઓ સાથે સંકળાયેલા કેસમાં તપાસનીશ અધિકારીઓએ દિલ્હીની એક કોર્ટને જણાવ્યું હતું કે સંસદની સુરક્ષા માટે આઘાતજનક ખતરો પેદા કરવા માટે જવાબદાર જૂથ દેશમાં અરાજકતા પેદા કરવા માંગે છે. તેમનો ઈરાદો સરકારને તેમની ‘ગેરકાયદેસર’ માગણીઓ પૂરી કરવા દબાણ કરવાનો હતો. હવે તપાસનું ધ્યાન પાંચમા આરોપી લલિત મોહન ઝા પર કેન્દ્રીત થયું છે. જેનું ષડયંત્ર પાછળ માસ્ટરમાઈન્ડ હોવાનું કહેવાય છે. ૭ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવેલા ઝાએ ગુરૂવારે મોડી રાત્રે ધરપકડ કરતાં પહેલાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલ હવે લલિત ઝા સાથે કથિત રીતે સંકળાયેલા બે લોકોની ભૂમિકાની તપાસ કરી રહી છે, જેમની ઓળખ રાજસ્થાનના નાગૌરના રહેવાસી બે ભાઈઓ કૈલાશ કુમાવત અને મહેશ કુમાવત તરીકે કરવામાં આવી છે. તપાસકર્તાઓએ એડિશનલ સેશન્સ જજ હરદીપ કૌરને રિમાન્ડની અરજી સોંપી હતી. જેમાં એવું કહેવામાં આવ્યું હતું કે ઝાએ કથિત રીતે આ કેસમાં પોતાની સંડોવણીની કબૂલાત કરી છે. આ કેસથી માહિતગાર લોકોના જણાવ્યા મુજબ, રિમાન્ડ અરજીમાં ખુલાસો થયો છે કે તમામ આરોપીઓ ઘણી વખત મળ્યા હતા અને કાવતરું ઘડ્યું હતું. પોલીસ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે લલીત ઝાએ ખુલાસો કર્યો હતો કે તે દેશમાં અરાજકતા પેદા કરવા માગે છે જેથી કરીને તે સરકારને તેમની ગેરકાયદે માગણીઓ પૂરી કરવા દબાણ કરી શકે. ઉલ્લેખનીય છે કે બુધવારે લોકસભામાં આ ઘૂસણખોરી ૨૦૦૧ના સંસદ હુમલાની વરસી પર થઈ હતી. આ કેસમાં ધરપકડ કરાયેલા તમામ આરોપીઓએ સૌપ્રથમ સ્વતંત્રતા સેનાની ભગત સિંહને સમર્પિત ફેસબુક પેજના સભ્યો તરીકે વાતચીત કરવાનું શરૂ કર્યું. બાદમાં તેણે ભારતીય જનતા પાર્ટીના સાંસદ પ્રતાપ સિંહા પાસેથી મળેલા વિઝિટર પાસનો ઉપયોગ કરીને સંસદમાં કથિત હુમલો કર્યો હતો.

પૂછપરછ દરમ્યાન, લલિત ઝાએ પોલીસને જણાવ્યું હતું કે સંસદમાં ઘૂસણખોરી કર્યાના થોડા કલાકો પછી તેણે તમામ પાંચ મોબાઈલ ફોન નષ્ટ કરી દીધા હતા. લલીત ઝાએ દાવો કર્યો કે તેણે કેટલાક મોબાઈલ ફોન ફેંકી દીધા અને કેટલાકને બાળી નાખ્યા. તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે ઝાએ જૂથની ચેટ અને સંદેશાવ્યવહાર સંબંધિત પુરાવાની શકયતાને દૂર કરવા માટે ફોનનો નાશ કર્યો હતો.

# ગુજરાતમાં મસમોટું વિઝા કૌભાંડ ઝડપાયું : અમદાવાદ, સુરત, વડોદરામાં ૧૭ સ્થળે સીઆઈડી ક્રાઈમની ટીમો ત્રાટકી

અમદાવાદ તા.૧૬

અમેરિકા-કેનેડા કે અન્ય દેશોમાં ગેરકાયદે ઘુસવાના કિસ્સા વખતોવખત પ્રકાશમાં આવવાની સાથોસાથ આવા બનાવોમાં ગુજરાતના જ એજન્ટોની વરવી ભૂમિકા ખુલી રહી છે તેવા સમયે રાજયમાંથી બોગસ વિઝા ડોકયુમેન્ટનો પર્દાફાશ થયો છે. સીઆઈડી ક્રાઈમ દ્વારા અમદાવાદ, વડોદરા તથા ગાંધીનગરમાં એક સાથે ૧૭ સ્થળોએ દરોડા પાડીને સંખ્યાબંધ શંકાસ્પદ સાહિત્ય-દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે.

વિદેશ જવાના ક્રેઝનો લાભ ઉઠાવીને લોકો સાથે વધતા ઠગાઈના કિસ્સા વચ્ચે જ સીઆઈડી ક્રાઈમ દ્વારા હાથ ધરાયેલી કામગીરી હેઠળ વિવિધ ૧૭ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે વડોદરાની માઈગ્રેશન ઓવરસીઝ નામે વિઝાનું કામ કરતી ઓફિસમાં સર્ચ કરવામાં આવ્યું હતું. તેમાં ડુપ્લીકેટ ડોકયુમેન્ટસના આધારે સ્ટુડન્ટ વિઝા પર વિદ્યાર્થીઓને વિદેશ મોકલવામાં આવતા હોવાનો ખુલાસો થયો છે. સ્મિત શાહની માલિકીની આ કંપનીમાંથી મોટી સંખ્યામાં દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. સ્ટુડન્ટ વિઝા તથા વર્ક પરમીટ પર લોકોને બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, ન્યુઝીલેન્ડ જેવા દેશોમાં મોકલવામાં આવ્યા હતા. તપાસનીશ એજન્સી દ્વારા કોમ્પ્યુટર હાર્ડ ડ્રાઈવ, ડીવીઆર સર્વર પણ જપ્ત કરવામાં આવ્યા છે. ઉપરાંત હિસાબી સાહિત્યની પણ તપાસ કરવામાં આવી છે. સ્ટુડન્ટ કે વિઝીટર વિઝા તથા વર્ક પરમીટના દસ્તાવેજોમાં ગરબડ-ગેરરીતિ કરવામાં આવી છે કે કેમ તેની તપાસ હાથ ધરવામાં આવી છે. માઈગ્રેશન ઓવરસીઝના સંચાલક સ્મિત શાહનું લેપટોપ તથા મોબાઈલ પણ જપ્ત કરવામાં આવ્યા છે.


હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND | THAKAR ઠાકરથાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

સૌરાષ્ટ્રભુમી દૈનિકને તેની વર્ષગાઠ નિમીતે હાર્દિક શુભકામના...
સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટનાં મણકા અને કરોડરજ્જુની સર્જરીનાં નિષ્ણાંત આપના શહેર કેશોદ અને કોડીનાર માં...
ડૉ. હાર્દ વસાવડા
MS, M.Ch (Neurosurgery)
મગજ અને મણકાની સર્જરીનાં નિષ્ણાંત
નીચે મુજબની તકલીફોવાળા દર્દીઓ માટે...
› ગાદીની તકલીફ
› કમર અને ડોકનો દુ:ખાવો
› મણકાનો દુ:ખાવો
› ચાલવાની તકલીફ
› સાયટીકા
તા. ૧૯ ડીસેમ્બર ૨૦૨૩, મંગળવાર
સ્થળ : ડો. પાર્થ ભાલોડીયા, ઉત્તમ ઓર્થોકેર હોસ્પિટલ, કેશોદ.
સમય : સવારે ૧૦:૩૦ થી ૧ વાગ્યા સુધી
નામ લખાવવા માટે સંપર્ક : ૮૪૮૮૦ ૩૯૫૩૮
સ્થળ : સંભૂતિ લાઈફલાઈન હોસ્પિટલ, કોડીનાર.
સમય : સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી
નામ લખાવવા માટે સંપર્ક : ૯૦૮૧૦ ૮૧૦૮૬
Sterling HOSPITALS
કન્સલ્ટ કરો સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટનાં નિષ્ણાંત સાથે વધુ માહિતી માટે સંપર્ક :
95740 00698
રૈયા સર્કલ પાસે, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ
www.sterlinghospitals.com

S. K. CARS
આપને કાર લેવી હોય કે વેચવી હોય તો અમારો સંપર્ક કરો
કોન્ટેક્ટ નં.
મો. ૭૨૦૨૦ ૭૨૦૧૦
૮૯૫૮૯૫ ૦૦૦૦૫
શોપ નં.૪ ઈસ્કોન ગોલ્ડ સેન્ટ્રલ પ્લાઝા,
મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ

The Co-Operative Bank of Rajkot Ltd.
Multi State Co-Operative Bank
Raj Bank
બેંક દ્વારા માનવંતા ગ્રાહક માટે વિવિધ સેવાઓ
૨૪ કલાક ૩૬૫ દિવસ
Whats App Banking
POS મશીન સર્વિસ
ATM ની સેવા (RuPay Platinum Card)
કેશ ડીપોઝીટ અને ઉપાડ મશીન (CDM)
મિસ કોલ બેલેન્સ Inquiry
E-Gallery
ઓટોમેટીક પાસબુક પ્રિન્ટર
બેંકમાં રજીસ્ટર્ડ થયેલા મોબાઈલ પરથી મિસ્ડકોલ કરો અને SMS દ્વારા આપના ખાતાની બેલેન્સની જાણકારી પ્રાપ્ત કરો
+91 76693 76694
● ૨૭ શાખાઓ, ૧૭ એટીએમ
● મોબાઈલ એપ્લિકેશન બેન્કિંગ
● Whatsapp બેન્કિંગ
● કેશ ડિપોઝિટ અને ઉપાડ મશીન
● લોકર સુવિધા દરેક શાખાઓમાં
સોનાના દાગીના સામે ધિરાણ સુવિધા ઉપલબ્ધ
ગોલ્ડ લોન રૂ. ૧.૭૫ લાખ સુધી
ગોલ્ડ સામે ઓવરડ્રાફ્ટ રૂ. ૧૦ લાખ સુધી
9.00%
ફિક્સડ ડિપોઝિટ
7.50% (જનરલ) 8.00% (સીનીઅર સીટીઝન)
ધંધાકીય હેતુ માટે રૂ. ૮૫ લાખ સુધી
બિઝનેસ / ઈન્ડસ્ટ્રીયલ / મશીનરી / ફર્નીચર ફીક્ષર લોન / ઓવરડ્રાફ્ટ / સીસી / મેડીકલ ઈક્વીપમેન્ટ તથા અન્ય લોન ડોક્ટર માટે
8.50%
જુલી સાવલીયા સી.ઈ.ઓ. | હર્ષદભાઈ માલાણી ચેરમેન
'Sahakar Sarita', Panchnath Road, Rajkot - 360 001 (Gujarat)
0281 - 2234454 / 2224120 Fax: 0281 - 2236682 info@rajbank.in tcbrl.com

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


મહાયોગી વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

# ટોરેન્ટ ગ્રુપના UNM ફાઉન્ડેશનની અભિવ્યક્તિ - ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની ૫ મી આવૃત્તિના ૧૦ ડિસેમ્બરે સમાપન સાથે ૬ઠ્ઠી આવૃત્તિની જાહેરાત કરાઈ

## આ વર્ષે અભૂતપૂર્વ, ૧,૬૯,૭૯૪ કલા પ્રેમીઓએ વિવિધ કલાઓનો આનંદ માણ્યો, આગામી આવૃત્તિ નવેમ્બર, ૨૦૨૪ મહિનામાં શરૂ થશે

અમદાવાદ તા. ૧૬

ટોરેન્ટ ગ્રૂપના UNM ફાઉન્ડેશનનો પખવાડિયા લાંબો કલા અને સંસ્કૃતિ પ્રદર્શન, અભિવ્યક્તિ - સિટી આર્ટસ પ્રોજેક્ટ, ૧૦ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ નોંધપાત્ર કલા સ્વરૂપો - નૃત્ય, સંગીત, થિયેટર અને વિચાર ઉત્તેજક સ્થાપનો ના એકીકૃત મિશ્રણ સાથે સમાપ્ત થયો. સમાપન સાથે ૬ઠ્ઠી આવૃત્તિની નવી યાત્રાનો પાયો પણ નંખાયો. ૨૦૨૪માં અભિવ્યક્તિની નવી આવૃત્તિ નવેમ્બર મહિનામાં શરૂ થશે. આ સાથે રાષ્ટ્રીય સ્તરે અનોખા કલા સ્વરૂપોની શૈલીમાં છુપાયેલા ઝવેરાતની શોધ શરૂ થઈ ગઈ છે.

પ્રોજેક્ટની ૫મી આવૃત્તિમાં તમામ વય જૂથો અને લિંગના ૧૬૯,૭૯૪ કલાપ્રેમીઓ જોવા મળ્યા જેમણે પ્રદર્શન દરમિયાન આયોજિત કેટલાક રસપ્રદ, વિચારપ્રેરક અને મનમોહક પ્રદર્શન, ખ્યાલ આધારિત સ્થાપનો અને વિવિધ વર્કશોપના સાક્ષી બનવાની તક લીધી. તેમના દ્વારા દર્શાવવામાં આવેલા નવા પરિપ્રેક્ષ્યોએ પ્રેક્ષકો પર અસર કરી અને વધુ આકર્ષક કલા સ્વરૂપો માટે તેમની ભૂખ વધારી. અભિવ્યક્તિની ૫મી આવૃત્તિના સમાપન પર, ટોરેન્ટ ગ્રૂપનાં દ્વસ ફાઉન્ડેશનના ચેરપર્સન સુશ્રી સપના મહેતાએ જણાવ્યું હતું કે "ટોરેન્ટ ગ્રૂપ હંમેશા સમાજ સેવાના હેતુ માટે પ્રતિબદ્ધ છે અને તેના સંસાધનો અને પ્રવૃત્તિઓના એક ભાગને વારંવાર ચેનલાઈઝ કરે છે, જે સમાજ પર હકારાત્મક અસર કરે છે. આ વર્ષે પ્રોજેક્ટને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. જેમ જેમ અભિવ્યક્તિ કલાપ્રેમીઓમાં વર્ષ-દર-વર્ષે વધુને વધુ લોકપ્રિય થતી જાય છે, તેમ તેમ તે રાષ્ટ્રીય સ્તરે તમામ શૈલીના વધુ ઉભરતા કલાકારોને ઓળખવા અને ટેકો આપવા અને તેમની પ્રતિભાને વિશ્વ સમક્ષ લાવવાનું વચન આપે છે."

અભિવ્યક્તિ દરેક કલાકારને તેમના વિચારોને આકર્ષક કલાના કાર્યોમાં પરિવર્તિત કરવામાં મદદ કરે છે. અભિવ્યક્તિનો તબક્કો કલાના ક્ષેત્રમાં પ્રાદેશિક તેમજ રાષ્ટ્રીય પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા અને વિકસાવવા ઉત્પ્રેરક બનવા માટે પ્રતિબદ્ધ છે.

અભિવ્યક્તિ કલાને જાહેર જીવનનો અર્થપૂર્ણ હિસ્સો બનાવવામાં યોગદાન આપવા અને પ્રેક્ષકોને વિશ્વને જોવાની નવી રીતો આપવાનો પ્રયાસ કરે છે. તે કલા, વિચારો અને વાર્તાલાપને પ્રેરણા આપવાનો પ્રયત્ન કરે છે જે કલાકારો અને પ્રેક્ષકો માટે સમાન રીતે અર્થપૂર્ણ હોય. અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટઃ એક સ્ટેજ ઉપર અદ્વિતિય અને ભવ્ય કલા પ્રદર્શન અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ એ ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર સ્થાપિત દ્વસ ફાઉન્ડેશનની એક પહેલ છે, જે સ્થાન, મર્યાદા (શારીરિક અને વ્યક્તિગત) અને સામાજિક ભેદભાવ વગર દર્શકો સુધી પહોંચાડીને કલાને સામાજિક રચનાનો એક અભિન્ન ભાગ બનાવવાની પ્રયત્ન કરે છે. જેમાં આર્થિક ક્ષમતાના ભેદભાવ વગર તમામ સ્તરના લોકો માટે નિઃશુલ્ક પ્રવેશ છે. અભિવ્યક્તિનું વિઝન અને મિશન ઉભરતી પ્રતિભાઓની ઓળખ કરવી, તેમને સમર્થન આપવુ અને તમામ શૈલીના કલાકારોને શહેરીજનો સમક્ષ પોતાની કલા રજુ કરવા માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. અભિવ્યક્તિમાં નૃત્ય, સંગીત, ચિત્ર, ફોટોગ્રાફી, ઈન્સ્ટોલેશન અને થિયેટરથી માંડીને અસંખ્ય કલા સ્વરૂપોનો સમાવેશ થાય છે. અભિવ્યક્તિનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય ગુણવત્તાયુક્ત કલાને લોકો સુધી તદન નિઃશુલ્ક પહોંચાડવાનો છે.

# ખુનનાં ગુનામાં ફરાર કેદીને સુરતથી ઝડપી લેતી પેરોલ ફર્લો સ્કવોર્ડ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાંજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના સિધ્ધા માર્ગદર્શન હેઠળ જીલ્લામા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુ સારૂ ગુન્હાના કામના નાસતા ફરતા આરોપીઓ તેમજ જેલ ફરારી કેદીઓને શોધી કાઢવા ખાસ પેરોલ ફર્યા સ્કવોડ ને તેમજ જીલ્લા પોલીસ તંત્રને સદરહુ કામગીરી અસરકારક કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે પો.ઈન્સ જે.જે.પટેલ લોકલ ક્રાઈમ બ્રાચના માર્ગદર્શન અને સુચના મુજબ પો.સબ.ઈન્સ. વાય.પી.હડિયા પેરોલ ફર્લો સ્કવોડના માર્ગદર્શન અને સુચના મુજબ તેઓની ટીમ દ્વારા જૂનાગઢ જીલ્લામાં તથા ગુજરાત રાજયમા જુદા જુદા પોલીસ સ્ટેશનોમા ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીઓ તથા જેલ ફરારી કેદીઓને પકડવા સારૂ ટેકનિકલ સોર્સ તથા હ્યુમન ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરી કાર્યરત હતા દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના પો.કોન્સ દિપકભાઈ બડવા નાઓને બાતમી હકિકત મળેલ હોય કે બી.ડીવીઝન પોલીસ સ્ટેશન જુનાગઢના નોંધાયેલ ગુન્હામાં રાજકોટ જીલ્લા જેલમા સજા ભોગવી રહેલ આરોપી જમાલ જુસબ દલ રહે, ભારત મીલના ઢોરા પાસે જુનાગઢ વાળો જે છેલ્લા ચારેક માસથી વચગાળાના જામીન મેળવી ફરાર થયેલ હોય નાસતો ફરતો હોય અને તે હાલ સુરતના કામરેજ વિસ્તારમા હોય તે હકિકત આધારે ખાત્રી કરી એ.એસ.આઈ ઉમેશભાઈ વેગડા તથા પો.હેડ.કોન્સ. પુનાભાઈ હૂણ તથા પો.કોન્સ. દિનેશભાઈ છૈયા તથા પો.હેડ.કોન્સ જયેશભાઈ બામણીયા નાઓ તથા પો.કોન્સ દિપકભાઈ બડવા તથા લોકલ ક્રાઈમ બ્રાંચના પો.હેડ.કોન્સ દિવ્યેશભાઈ ડાભી તથા પો.હેડ કોન્સ જીતેશભાઈ મારૂ નાઓ ટેકનિકલ સોર્સ તથા હ્યુમન ઈન્ટેલીજન્સના મધ્યમથી તથા મોબાઈલ લોકેશન આધારે આરોપી પર વોચ તપાસમા રહેતાં મજકુર આરોપી બાતમી વાળી જગ્યાએથી મળી આવેલ હોય અને તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ જમાલ જુસબ દલ રહે ભારત મીલના ઢોરા પાસે વાળો બતાવતો હોય મજકુર આરોપી રાજકોટ મધ્યસ્થ જેલનો ફરાર કેદી હોવાની કબૂલાત કરતો હોય જેથી તેને હસ્તગત કરી રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કરવામા આવેલ છે.

# વંથલી તાલુકાના ધંધુસર ગામે રહેણાંક મકાનમાંથી રૂા.૨.૬૦ લાખની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર)

વંથલી તા.૧૬

વંથલી તાલુકાના ધંધુસર ગામે એક રહેણાંક મકાનમાં ચોરીનો બનાવ બનવા પામ્યો છે. અગાસીના રૂમમાં આવી કોઈ અજાણ્યા ચોરે લાકડાના કબાટનો દરવાજો ખોલી લોકરના ખાનામાંથી સોનાના દાગીનાની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પોલીસે આપેલી વિગતોનુસાર પુંજાભાઈ નાગાભાઈ દિવરાણીયામેર (ઉ.વ.૫૦) રહે.ધંધુસર ગામ સહકારી મંડળીની બાજુમા તા.વંથલીવાળાએ એ પોલીસમાં એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામના કોઈ અજાણ્યા ચોરે ફરીયાદીનાં ઘરે રહેણાંક મકાનમાંથી અગાશીના રૂમમાં આવી લાકડાના કબાટનો દરવાજો ખોલી તેનું લોકરખાનુ તોડી તેમા રાખેલ સોનાનું મંગલસુત્ર જેનું વજન આશરે પાંચ તોલા જેની કિંમત રૂા.આશરે ૧,૨૦,૦૦૦ તેમજ સોનાનું પેડલસેટ જેનું વજન આશરે પાંચ તોલા જેની કી.રૂા. આશરે ૧,૨૦,૦૦૦ તથા રોકડા રૂપીયા ૨૦,૦૦૦ મળી કુલ કિંમલ રૂા.૨,૬૦,૦૦૦/-ની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા વંથલી તોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી.

# જૂનાગઢમાં ઢાલરોડ સ્થિત હઝરત હાજીપીર બાપુના ઉર્ષની ઉજવણી થશે

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ શહેરમાં ઢાલરોડ ઉપર આવેલ મશહુર ઔલિયા હઝરત હાજીપીર બાપુની દરગાહના ઉર્ષની દર વર્ષની જેમ આ વર્ષે પણ આવતીકાલ તા.૧૭-૧૨-૨૩ ને રવિવારના રોજ શાનો શૌકતથી ઉજવણી કરવામાં આવનાર છે. આ પ્રસંગે રાત્રે ઈશાની નમાઝ બાદ ગુલઝારબાપુ નુરીના અધ્યક્ષસ્થાને જલ્સાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ગુજરાતના મશહુર મુકર્રીર હઝરત મૌલાના હાફીઝ મોહંમદ ઈદ્રીશ રઝાખાન (બાલાશીનોર) ઉપસ્થિત રહી તકરીર ફરમાવશે. તેમજ મૌલાના નિયાઝ અહેમદ પોતાના મધુર કંઠે નાતે રસુલ તથા મનકબત પેશ કરશે. આ પ્રસંગે જૂનાગઢના મુફતી હઝરત મૌલાના હસીબુર્રહમાન, મૌલાના સૈયદ સાજીદબાપુ, અલીમોહંમાદ પલેજા, હાફીઝ કારી મો.સાબીર સહિતના જૂનાગઢના ઉલેમા એ કિરામ તેમજ મસ્જીદના ઈમામ ખાસ હાજરી આપશે. સલાતો સલામ બાદ દુઆ કરવામાં આવશે.

ત્યારબાદ ન્યાઝનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ ઉર્ષના પ્રસંગે સર્વે મુસ્લીમ બિરાદરોને હાજરી આપવા દરગાહના ખાદિમ મો.હનીફભાઈ બંગાલી રેસ્ટોરન્ટવાળાની યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.


ભેળસેળ સાબીત કરનારને ઈનામ રૂા. ૧ લાખ

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.

માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-

૧૦૦% ગેરૅટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી

ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-

મલાઈવાળું દહી, ઘોરવું | તાજુ પનીર ગાયનું દુધ

શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સમય કે સાથ......!

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક (જૂનાગઢ આવૃતિ)






ક્રાંતિ વિચાર
મારૂ નામ ક્રાંતિ છે.
મારૂ યૌવન અમર છે
હું જગતનો જીવનમંત્ર છું
હું માનવી માત્રની
સ્વતંત્રતા સર્જીશ

"સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક" કોઈ "પક્ષ"નું "વકિલ" નથી, કોઈનું "કજીયા દલાલ" નથી, કોઈનું "જી હજુર' નથી, "કોઈ અમલદારોની ચાપલુસી નથી કરતું", કોઈનું "ખમ્મા બાપુ" કરતું નથી, "સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક" "ભારત માતા" એટલે કે, કોટી કોટી દરીદ્ર નારાયણ જનતાને "જનેતા" માને છે. "સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક" આ "જનતા જનેતા"ને પીડનારા લોકશત્રુઓ ગમે તે કોટીનાં, ગમે તે પક્ષનાં, ગમે તેવા "તીસ મારખાં" હોય તો પણ તેની લેશમાત્ર પરવાહ કર્યા વગર તેનો નિડરતા પૂર્વક પડકારે છે. "સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક" નો "રણ ટંકાર" એ "સામાન્ય આમ જનતા"નો વિરાટ પડકાર છે.

લોકજાગૃતિ લડતને સ્વતંત્રતા અને લોકશાહીને મજબુત કરવા માટે સંકલ્પબધ્ધ છે.

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો





ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો સબબ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# જૂનાગઢ વોકિંગ ક્લબ દ્વારા જૂનાગઢથી તુલશીશ્યામ સુધીની સાયકલ યાત્રાનું આયોજન



જૂનાગઢ તા. ૧૬

છેલ્લા સતત બે વર્ષોની અનુક્રમે સોમનાથ તથા દ્વારકાની સફળ સાઈક્લોથોન બાદ મહાનગર જૂનાગઢની જાણીતી વોકીંગ ક્લબ દ્વારા આ વર્ષે જૂનાગઢથી તુલશીશ્યામ સુધીની આશરે ૧૨૦ કિલોમીટરની સાઈકલ યાત્રાનું આયોજન આગામી તા.૧૭/૧૨/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ છે. જેમાં જૂનાગઢ, રાજકોટ, અમદાવાદ, ભરૂચ, જામનગર, અંકલેશ્વર જેવા શહેરોમાંથી આશરે ૨૦૦ જેટલા ડોક્ટરો, વકીલો તથા વેપારીઓ જોડાવાના છે.

આ યાત્રા લોકો પર્યાવરણ પરત્વે કાળજી દર્શાવે, પર્યાવરણનું સંરક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવે તેવા શુભ ઉદ્દેશથી યોજવામાં આવી રહી છે. તેમજ વોકીંગ ક્લબની સેવા પરમો : ધર્મની પોતાની પરંપરા જાળવી રાખવાના હેતુથી તુલશીશ્યામ મંદિર ખાતે તજજ્ઞ ડોક્ટરો દ્વારા વિનામુલ્યે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જ્યાં જરૂરિયાતમંદ દવા પણ વિનામુલ્યે આપવામાં આવશે.

આ યાત્રા તા.૧૭/૧૨/૨૦૨૩, રવિવારના સવારે ૪.૩૦ કલાકે રેલ્વે સ્ટેશન ચોક ખાતેથી પ્રસ્થાન પામશે. તેને ફ્લેગ ઓફ કરવા માટે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા પોતાની સાઈકલ સાથે ખાસ ઉપસ્થિત રહેશે.

આ શુભ ઉદ્દેશ સાથેની યાત્રાના આયોજન માટે રાજકોટની જાણિતી આઈ.વી.એફ. નોવા વિંગ્સ હોસ્પિટલ, જૂનાગઢ - ધારી વન વિભાગ, તુલશીશ્યામ મંદિર ટ્રસ્ટ તથા ખજૂરી નેશના રહેવાસીઓનો સુંદર સહયોગ પ્રાપ્ત થયેલ છે. ૨૦૦ જેટલી મોટી સંખ્યામાં સાઈક્લીસ્ટોને મદદરૂપ બનવા જૂનાગઢ વોકિંગ સભ્યો સ્વયંસેવકો બની સમગ્ર યાત્રા દરમ્યાન ખડે પગે રહેશે. આ યાત્રાના આયોજન માટે જૂનાગઢ વોકિંગ ક્લબના ડો. કેતન પી. ગઢવી, ડો. રક્ષિત પીપલીયા, કલ્પેશભાઈ હિન્ડોચા, સફીભાઈ દલાલ વગેરે સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

### ગ્રામીણ સ્વરોજગાર તાલીમ જૂનાગઢ દ્વારા

# પશુપાલન અને પશુસંવર્ધન ક્ષેત્રે ૧૫ દિવસની તાલીમ હાંસલ કરનાર ૨૫ તાલીમાર્થી બહેનોને પ્રમાણપત્ર એનાયત




જૂનાગઢ તા. ૧૬

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય અને સ્ટેટબેંક ઓફ ઈન્ડીયાનાં સહયોગ દ્વારા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI)ની સ્થાપના કરવામાં આવી છે. સંસ્થામાં નિ:શુલ્ક તાલીમ, આહાર તથા રહેઠાણની સુવિધા પૂરી પાડે છે. આર.સે.ટી.સંસ્થાનું જમા પાસું તેની વ્યવહારુઅનેકાર્યક્ષમ તાલીમ છે. ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI)સંસ્થાનો મુખ્ય હેતુ શિક્ષિત બેરોજગાર ખાસ કરીને ગ્રામ્ય કક્ષાના ૧૮ થી ૪૫ વર્ષની વયના યુવાઓને શોધી, તેમને તાલીમ લેવા પ્રોત્સાહિત કરી, તાલીમ પૂરી પાડી અને ત્યારબાદ સ્વરોજગાર માટે પ્રેરિત કરવાનો છે. જૂનાગઢમાં બીલખા રોડ પર સંસ્થા કાર્યરત છે.

આ સંસ્થામાં એક થી છ અઠવાડિયામાં તાલીમાર્થીઓને વિવિધ વિષયો જેમ કે ટેલરિંગ, બ્યુટી પાર્લર, મોબાઈલ રીપેરીંગ, એસી અને ફ્રીઝ રીપેરીંગ, કોમ્પુટર- ડીટીપી, ઈલેક્ટ્રિશિયન, વિડીયોગ્રાફી, પશુપાલન, જીએસટી સહાયક, બીમા સખી, બેકરી પ્રોડક્ટ અને ફૂડ પ્રોસેસિંગ, હાર્ડવેર તથા નેટવર્કિંગ જેવા વિવિધ કાર્યક્રમોમાં ટૂંકા ગાળાની ઘનિષ્ઠ તાલીમ પૂરી પાડવામાં આવે છે. આ તાલીમ ખાસ કરીને ભારત સરકારની વિવિધ યોજનાઓ જેવી કે નેશનલ રૂરલ લાઈવ્લીહૂડ મિશન (એનઆરએલમ), પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (પીએમઈજીપી) તાલીમ આપવામાં આવતી હોય છે. ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI) માત્ર તાલીમ સંસ્થા જ નહીં પરંતુ તેની સાથે આગામી બે વર્ષ દરમિયાન રોજગાર પ્રાપ્ત થાય ત્યાં સુધી સંસ્થા દ્વારા સતત માર્ગદર્શન, બેંક દ્વારા લોન માટેની કાર્યવાહી, માર્કેટિંગ માટે મદદ સાથેના વિવિધ પાસાઓને આવરી લેવામાં આવે છે. તાલીમાર્થીઓને સંસ્થામાં જ રહીને તાલીમ લેવાની હોય છે. આ તાલીમ દરમિયાન તમામ તાલીમાર્થીઓ ને જે-તે વિષયની પ્રેક્ટીકલ તથા વ્યવહારૂ તાલીમ ઉપરાંત વ્યક્તિ વિકાસને લગતા અન્ય વિષયો જેમ કે લક્ષ નિર્ધાર, દ્રષ્ટિકોણ, સમયનું સંચાલન, સફળ સંદેશા વ્યવહાર, સમસ્યાઓનું સમાધાન, ક્વોલિટી મેનેજમેન્ટ, ભાવ નિર્ધારણ, બેંકની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન પણ આપવામાં આવે છે. આમ તાલીમાર્થી આત્મનિર્ભર બને ત્યાં સુધી તમામ મદદ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. વિષયની તાલીમ લઈ તાલીમાર્થીઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓમાંથી આત્મનિર્ભર બનવા માટે લોન મળે તેવી મદદ પણ કરવામાં આવી છે. ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI) ઈન્સ્ટિટયૂટના ડાયરેક્ટર શ્રી પ્રશાંત ગોહેલે જણાવ્યું કે આ સંસ્થા શિક્ષિત બેરોજગાર યુવાનોને વ્યવસાયલક્ષી ટૂંકાગાળાની અસરકારક અને વ્યવહારુ તાલીમ આપે છે. આ તાલીમ પ્રાપ્ત કર્યા બાદ યુવાનો પોતાનો સ્વરોજગાર શરૂ કરી શકે છે અને આત્મનિર્ભર બને છે. તાલીમ આપ્યા પછી પણ બે વર્ષ સુધી વ્યવસાય શરુ કરવા અંગે માર્ગદર્શનની સાથે નાણાકીય સહાય તેમજ લોન લેવામાં સહાય પણ કરવામાં આવે છે. આ એક એવી સંસ્થા છે જે ટૂંકા ગાળામાં યુવાઓને તાલીમ આપીને યુવાનોના આત્મવિશ્વાસ, સ્વકૌશલ્યમાં વધારો કરે છે.

આજે જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની ૨૫ જેટલી બેહનોને છ-HELP એટલે કે એક્રેડીટેડ એજન્ટ ફોર હેલ્થ એન્ડ એક્સટેન્શન ઓફ લાઈવ સ્ટોક પ્રોડક્શન અંતર્ગત ૧૫ દિવસીય તાલીમ સંપન્ન કરનાર બહેનોને પ્રમાણપત્ર અને તાલીમ દરમ્યાન ઉત્કૃષ્ઠ પ્રતિભાવન તાલીમાર્થીને શિલ્ડ અને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નાયબ પશુપાલન નિયામકશ્રી ICDP ડો. ચિરાગ રાંક અને ડો. ગજેરાએ બહેનોને પશુપોષણ, પશુપ્રજનન, પશુ માવજત અંગે અપાયેલ તાલીમની વિગતો આપી હતી. લીડબેંકનાં મેનેજરશ્રી ગણપત રાઠવાએ પ્રાસંગિક વાત કરતા જણાવ્યુ હતુ કે જે રીતે બેંક સખી, વિજ સખી, ઉદ્યોગ સખી અને આ તાલીમ બાદ ગ્રામિણ ક્ષેત્રે તાલીમાર્થી બહેનો પશુસખીનાં રૂપે પશુપાલકો અને પશુપાલન વિભાગ સાથે સીધો સેતુ બનશે જેનાથી પશુપાલન કરનાર પશુપાલક ભાઈ બહેનોને તેનો સીધો લાભ મળશે. જિલ્લા ગ્રામવિકાસ એજન્સીમાંથી નેશનલ રૂરલ લાઈવ્લીહૂડ મિશન (એનઆરએલમ), શ્રી કીરણભાઈ વ્યાસે જિલ્લા ગ્રામવિકાસ એજન્સી દ્વારા ગ્રામ્ય સ્તરે કૌશલ્ય ધરાવતા બહેનો હોય કે કૌશલ્ય હાંસલ કવા ઈચ્છુક બહેનોને શ્રેષ્ઠ પ્લેટફોર્મ તાલીમ દ્વારા પુરુ પાડવામાં આવે છે. તેમ જણાવ્યુ હતું. તાલીમ કાર્યક્રમને સફળ બનાવવા ફેકલ્ટી તરીકે શ્રી સુત્રેજા દર્શનભાઈ અને શ્રી અજીતભાઈ પરમારે જહેમત ઉઠાવી હતી.

### છેલ્લા ર૬ વર્ષ થી ભા.જ.પ નું શાસન યથાવત...

# કોડીનાર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન તથા વા.ચેરમેનની બિનહરીફ વરણી

## સતત પાંચ ટર્મ થી માજી સાંસદ દિનુભાઈ સોલંકી જૂથ ભાજપનો દબદબો યથાવત




કોડીનાર તા.૧૬

કોડીનાર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (માર્કેટિંગ યાર્ડ) ના ચેરમેન અને વાઈસ ચેરમેનની આજે બિનહરીફ વરણી થઇ છે. કોડીનાર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ની તાજેતરમાં યોજાયેલ ચૂંટણીમાં માં ભા.જ. પના તમામ ડિરેક્ટરોની બિન હરીફ વિજેતા થયા બાદ આજ રોજ માર્કેટયાર્ડ ખાતે ના હોલ માં રાજકોટ જિલ્લા રજીસ્ટ્રાર વિશાલ કપુરિયા ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ પ્રથમ ટર્મની ચેરમેન વાઈસચેરમેનની ચૂંટણીમાં ચૂંટાયેલા તમામ ૧૬ ડિરેક્ટરોએ હાજર રહી ચૂંટણીની કાર્યવાહી આગળ ધપાવતા ચેરમેન તરીકે સુભાષ ભાઈ વિરભણભાઈ ડોડીયાના નામની દરખાસ્ત કનુભાઈ નારણભાઈ લાખણોત્રા એ કરતા જેને બાલુભાઈ કાનાભાઈ કામળિયા એ ટેકો આપ્યો હતો જ્યારે વાઈસ ચેરમેન તરીકે વાઢેર ભીખાભાઈ મેરૂભાઈ ના નામની દરખાસ્ત જગમાલભાઈ વરસીંગભાઈ બારડએ કરતા તેને શૈલેષભાઈ રાણાભાઈ વાઘેલાએ ટેકો આપતા હાજર ડિરેકટરોએ સર્વસંમતિ દર્શાવતા અને આ બંને હોદ્દા માટે અન્ય કોઈ ઉમેદવારે ફોર્મ ના ભરતા જિલ્લા રજિસ્ટ્રર કપુરીયાએ ચેરમેન પદ માટે સુભાષ ભાઈ વિરભણભાઈ ડોડીયા અને વાઈસ ચેરમેન તરીકે વાઢેર ભીખાભાઈ મેરૂભાઈ ને બિનહરીફ જાહેર કરતાં તમામ ડિરેકટરો દરેક સહકારી સંસ્થાના આગેવાનો સમાજના અગ્રણીઓએ તેમને આવકારી શુભેચ્છા પાઠવી હતી. આ તબક્કે કોડીનારના ધારાસભ્ય ડો.પ્રદ્યુમન વાજા અને શહેર ભા.જ.પ પ્રમુખ હરિભાઈ વિઠ્ઠલાણી, યુનિયન બેંક ચેરમેન પી.એસ.ડોડીયા કોડીનાર તાલુકા ભાજપના હોદ્દેદારો સહિત તાલુકા ભ ના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે સતત ત્રીજી વખત ચેરમેન પદે બિનહરીફ હરીફ ચૂંટાયેલા સુભાષભાઈ ડોડીયાએ મીડિયાના માધ્યમથી સર્વે ખેડૂતોને સંબોધિત કરતા કહ્યું હતુ કે હાલ કોડીનાર માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે છે. ખરો તોલ થાય છે અને પુરા નાળા મળે છે.

આ જ ક્રમ અમો આવતા દિવસોમાં જાળવી રાખીશું તેમજ આવતા દિવસોમાં ખેડૂતોને યાર્ડમાં વધુ આધુનિક સુવિધાઓ મળી રહે તેવા અમારી બોડી ના પ્રયત્ન રહશે. અત્રે ઉલ્લેખનીય છેકે કોડીનાર માર્કેટિંગ યાર્ડમાં છેલ્લાં ૨૬ વર્ષથી ભા.જ.પ નું શાસન છે તેમજ માજી સાંસદ દિનુભાઈ સોલંકીના સીધા માર્ગદર્શન હેઠળ યાર્ડ સતત સિદ્ધિ પ્રાપ્ત કરતું આવ્યું છે.

# ગુજરાતમાં SVP ઈન્ડિયાની ૫મી વર્ષગાંઠની ઉજવણી




અમદાવાદ તા.૧૬

નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા કૈલાશ સત્યાર્થી ગુજરાતમાં સહયોગી પરોપકાર પર ધ્યાન કેન્દ્રિત કરતી સંસ્થા સોશિયલ વેન્ચર પાર્ટનર્સ ઈન્ડિયા (SVP ઈન્ડિયા)ની ૫મી વર્ષગાંઠની ઉજવણીમાં અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શુક્રવારે આ સફળતાની ઉજવણીમાં ગુજરાત અને સમગ્ર ભારતમાંથી ૨૦૦થી વધુ પ્રતિબદ્ધ અને પરોપકાર સાથે સંકળાયેલા લોકો એકજૂટ થયા હતા. જેઓને શ્રી સત્યાર્થી સાથે જોડાવવાની અને તેમની અદ્ભુત યાત્રામાંથી પ્રેરણા મેળવવાની અનોખી તક આપી હતી.

નાણાંકીય લાભ માટે બાળકો પર થતાં ગંભીર શોષણ પર ધ્યાન કેન્દ્રિત કરી સેવા કાર્ય કરવા બદલ ૨૦૧૪નો નોબેલ શાંતિ પુરસ્કાર મેળવનાર શ્રી સત્યાર્થીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે "આપણે તૂટી ચૂકેલ, ખંડિત, અન્યાયી દુનિયામાં જીવી રહ્યા છીએ. આપણે વેપાર,જ્ઞાન, મેન્યુફેક્ચરિંગ, ડેટા અને મૂડીવાદનું વૈશ્વિકીકરણ કર્યું છે. મહાત્મા ગાંધીના વતન પરથી હું નમ્રતાપૂર્વક અપીલ કરૂં છુ કે, આપણે હવે કરૂણાનું ગ્લોબલાઈઝેશન કરવાનો સમય છે." નોબેલ પુરસ્કાર વિજેતાએ વધુમાં ઉમેર્યું હતું કે, બાળકો વિરુદ્ધ, ખાસ કરીને છોકરીઓ વિરુદ્ધના ગુનાઓને રોકવા અને બાળ-મૈત્રીપૂર્ણ સમાજનું નિર્માણ કરવાની જવાબદારી માત્ર સરકાર અથવા કોઈપણ સંસ્થાની નથી, પરંતુ આપણા સૌની સામૂહિક જવાબદારી છે. એસવીપી અમદાવાદના પ્રવકતાએ જણાવ્યું હતું કે, "અમારી સફળતાની ઉજવણીમાં શ્રી કૈલાશ સત્યાર્થી જોડાયા તે બદલ અમે અભારી છીએ. તેમની સમાજ માટે સેવા કરવાની પ્રતિબદ્ધતા એસવીપી ઈન્ડિયાના મિશન અને મૂલ્યો સાથે સંપૂર્ણપણે એકરૂપ છે. આ વિશેષ સાંજ પરોપકારની ઈકોસિસ્ટમ માટે એનજીઓને સહકાર આપવા, સમુદાય-નિર્માણ અને પ્રભાવશાળી સહયોગની વાર્તાઓનો અનુભવ કરવાની મંજૂરી આપી છે."

આ ઈવેન્ટમાં પરોપકાર સંબંધિત મંતવ્યો અને વ્યૂહાત્મક દાન તેમજ એનજીઓ સાથે અસરકારક જોડાણ કરી સુખી સમાજ સ્થાપિત કરવાના પાસાઓ દર્શાવવામાં આવ્યા હતા. SVP Indiaએ ૫૫૦ પરોપકારીઓ, સાહસિકો, એક્ઝિક્યુટિવ્સ, વિદ્વાનો અને ગૃહિણીઓ સાથે મળીને સ્થાપિત પરોપકારી સંસ્થા છે, જે ભારતના આઠ શહેરોમાં ફેલાયેલી છે. તે એનજીઓ સાથે જોડાણ કરવા માટે એક માળખાગત પ્લેટફોર્મ પૂરું પાડે છે. સંસ્થાના ભાગીદારો વધુ અસરકારક પરિણામો મેળવવા તેના સંસાધનોનો ઉપયોગ કરે છે. એસવીપી ઈન્ડિયા નાના અને મધ્યમ કદના એનજીઓને ઓળખી પોતાના અનુભવ દ્વારા તેને નેટવર્કિંગ, સમયનો લાભથી માંડી ક્ષમતા નિર્માણ કરવામાં મદદ કરે છે.

છેલ્લાં પાંચ વર્ષોમાં, અમદાવાદ અને સુરતના ૪૩ SVP ભાગીદારોએ દ્રર્ઇને માર્ગદર્શન આપવા માટે ૫,૦૦૦ કલાકનો સ્વૈચ્છિક સમય આપ્યો છે. જેમાં ત્રણથી પાંચ ગણો વધારો જોવા મળ્યો છે. દેશભરમાં, સંસ્થાએ ૧૨૦ એનજીઓ સાથે મળી કામ કર્યું છે. તેમજ રૂા. ૭ કરોડની ફાસ્ટ પીચ સહિત કુલ ૨૫ કરોડની ફાળવણી કરી છે. વધુમાં, તેના ભાગીદારોએ પણ તેમના સમય અને કુશળતામાંથી ૨૫,૦૦૦ કલાકથી વધુ સમયનું યોગદાન આપ્યું છે.

# મુથૂટ માઈક્રોફિન લિમિટેડનો આઈપીઓ ૧૮ ડિસેમ્બરે ખુલશે




અમદાવાદ, ૧૬

મુથૂટ માઈક્રોફિન લિમિટેડ ("કંપની") સોમવાર, ૧૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ તેના રૂા. ૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેરનો શરૂ કરશે.

એક્રર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ શુક્રવાર, ૧૫ ડિસેમ્બર, ૨૦૨૩ હશે. ઓફર સબસ્ક્રિપ્શન માટે સોમવાર, ૧૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ખુલશે અને બુધવાર, ડિસેમ્બર ૨૦, ૨૦૨૩ના રોજ બંધ થશે. ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂા. ૨૭૭થી રૂા. ૨૯૧ પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૫૧ ઈક્વિટી શેર માટે અને ત્યાર બાદ ૫૧ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે.

કંપની રૂા. ૯,૬૦૦ મિલિયન (રૂા. ૯૬૦ કરોડ)ની કુલ ઓફર સાઈઝ સાથે આઈપીઓ દ્વારા ફંડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. કુલ ઓફરના સાઈઝમાં રૂા. ૭,૬૦૦ મિલિયન (રૂા. ૭૬૦ કરોડ)ના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને વેચાણકર્તા શેરધારકો દ્વારા કુલ રૂા. ૨,૦૦૦ મિલિયન (રૂા. ૨૦૦ કરોડ)ના ઈક્વિટી શેર્સની ઓફરનો સમાવેશ થાય છે. કંપની ભાવિ મૂડીની જરૂરિયાતોને પહોંચી વળવા તેના મૂડી આધારને વધારવા માટે ફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ કરવાની દરખાસ્ત કરે છે.

વેચાણની ઓફરમાં થોમસ જોન મુથુટ દ્વારા રૂા. ૧૬૩.૬૩ મિલિયન (રૂા. ૧૬.૩૬ કરોડ) સુધીના ઈક્વિટી શેર, થોમસ મુથૂટ દ્વારા કુલ રૂા. ૧૬૩.૮૪ મિલિયન (રૂા. ૧૬.૩૮ કરોડ), થોમસ જ્યોર્જ મુથૂટ દ્વારા કુલ રૂ. ૧૬૩.૬૧ મિલિયન (રૂા.૧૬.૩૬ કરોડ), પ્રીતિ જ્હોન મુથુટ દ્વારા રૂા. ૩૩૭.૩૯ મિલિયન (રૂા. ૩૩.૭૪ કરોડ), રેમી થોમસ દ્વારા રૂ. ૩૩૩.૮૭ મિલિયન (રૂા. ૩૩.૩૯ કરોડ), નીના જ્યોર્જ દ્વારા કુલ રૂ. ૩૩૭.૬૬ મિલિયન (રૂા. ૩૩.૭૭ કરોડ) ("પ્રમોટર સેલિંગ શેરહોલ્ડરો"), ગ્રેટર પેસિફિક કેપિટલ ડબ્લ્યુઆઈવી લિમિટેડ દ્વારા રૂ. ૫૦૦ મિલિયન (રૂ. ૫૦ કરોડ) ("ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડરો")ના વેચાણનો સમાવેશ થાય છે.

ઈક્વિટી શેર ૧૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ("આરએચપી") દ્વારા ઓફર કરવામાં આવી રહ્યા છે, જેમહારાષ્ટ્રના રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, મુંબઈ ("આરઓસી")માં ફાઈલ કરવામાં આવી છે.

ઈક્વિટી શેર કે જે રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવશે તે બીએસઈ લિમિટેડ ("બીએસઈ") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("એનએસઈ") હોવાના સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટિંગ કરવાની દરખાસ્ત છે. ઓફરના હેતુઓ માટે, બીએસઈ એ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ રહેશે. આ ઓફર એસસીઆરઆરના નિયમ ૧૯(૨)(બી)ના સંદર્ભમાં કરવામાં આવી રહી છે જે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૮ના રેગ્યુલેશન ૩૧ સાથે વાંચવામાં આવે છે, જે ("સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ") સુધારેલ છે. ઓફર બુક બિલ્ડીંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહી છે અને તે સેબી આઈસીડીઆર રેગ્યુલેશનના રેગ્યુલેશન ૬(૧) નું પાલન કરે છે જેમાં સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૩૨(૧)ની દ્રષ્ટિએ, નેટ ઓફરના મહત્તમ ૫૦% લાયકાત ધરાવતા સંસ્થાકીય ખરીદદારો ("ક્યુઆઈબી" અને તેવો ભાગ, "ક્યુઆઈબી ભાગ") માટે પ્રમાણસર ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, જો કે અમારી કંપની બીઆરએલએમ સાથે પરામર્શ કરીને તેની આઈપીઓ કમિટિ દ્વારા કાર્યવાહી કરીને ક્યુઆઈબી ભાગના ૬૦%ની સેબી આઈસીડીઆર નિયમનો મુજબ વિવેકાધીન ધોરણે એક્રર ઈન્વેસ્ટર્સને ("એક્રર ઈન્વેસ્ટર ભાગ") ફાળવણી કરી શકે છે, જેમાંથી ઓછામાં ઓછો એક તૃતીયાંશ ભાગ સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે, જે એક્રર ઈન્વેસ્ટર ફાળવણી કિંમત અથવા તેનાથી વધુ પર સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ તરપથી મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે. એન્કર ઈન્વેસ્ટર ભાગમાં અંડર-સબસ્ક્રીપ્શન અથવા નોન-એલોકેશનના કિસ્સામાં બાકીના ઈક્વિટી શેર્સ નેટ ક્યુઆઈબી ભાગમાં ઉમેરવામાં આવશે.

# ફિશરીઝ કોલેજ ખાતે સૂકી મત્સ્યના મૂલ્યવર્ધિત ઉત્પાદનોનું પ્રદર્શન

વેરાવળ તા. ૧૬

વેરાવળ ખાતે આવેલ કામધેનુ યુનિવર્સીટી, ગાંધીનગર નેજા હેઠળ કાર્યરત ફિશરીઝ કોલેજમાં અભ્યાસક્રમની સાથોસાથ, મત્સ્ય અંગેના સંશોધન કાર્ય અને તેને લગતા ઉત્પાદનો બનાવવાનું કાર્ય થાય છે. ફિશરીઝ કોલેજના પ્રાધ્યાપક ડો. જીતેશ સોલંકી ના માર્ગદર્શન હેઠળ વિધાર્થીઓ દ્વારા સૂકી માછલીની વિવિધ ઉત્પાદનો બનાવેલ અને તેમાંથી બનેલ વિવિધ વાનગીનું પ્રદર્શન વિધાર્થીઓ દ્વારા રાખવામાં આવેલ. દરિયાઈ સૂકી મત્સ્યની પ્રજાતિઓનું આકર્ષિત પેકેજિંગ કરેલ.

આ પ્રદર્શનમાં કોલેજના આચાર્ય ડો. એસ. આઈ. યુસુફઝાય સાહેબ તેમજ કોલેજના પ્રાધ્યાપકો ડો. અશ્વીન સાયાની, ડો. કૈલાશ વાઢેર, ડો. નિલેશ જોશી, ડો. હિતેશ પરમાર, ડો. કેતન ટાંક , ડો. પ્રકાશ પરમાર, ડો. વિરલ બજાણીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી. સૂકી માછલીની વિવિધ ગુણવતાયુક્ત ઉત્પાદનોની સાથે " રેડી ટુ ઈટ " ઉત્પાદનો પણ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનમાં કોલેજના વિધાર્થીઓ એ ભાગ લીધો હતો અને આવનારા દિવસોમાં પેકેજીંગ અને ગુણવતા કેમ વધારવું તેમનું માર્ગદર્શન લીધેલ હતું.

# સોમનાથ-વેરાવળના લોકપ્રશ્નોની જીલ્લા ભાજપમંત્રીએ રજુઆત કરી

વેરાવળ તા. ૧૬

ગીર સોમનાથ જીલ્લા ભારતીય જનતા પાર્ટીના જીલ્લા મંત્રી દક્ષાબેન ચોલેરાએ રાજયના મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવી જણાવેલ છે કે, રાજસ્થાન ધોરણે એસટી બસમાં સિનીયર સિટીઝનો અને મહિલાઓને સ્પેશ્યલ ડીસ્કાઉન્ટ આપવામાં આવે, આ ઉપરાંત આપના નેતૃત્વ નીચે ગુજરાત રાજય હરણફાળ વિકાસ કરી રહયું છે. જેમાં વડું મથક સોમનાથ સહભાગી થઈશકે તે માટે હાલ વેરાવળ -સોમનાથ વિસ્તારમાં કાર્યરત જીઆઈડીસીમાં નવી ઈન્ડસ્ટ્રીઝ શરૂ કરવા જગ્યા મર્યાદિત હોય, નવા ઉદ્યોગ સ્થાપવા સમસ્યારૂપ બને છે. સરકાર નવા ઉદ્યોગો પ્રોત્સાહીત થાય તે માટે વાઈબ્રાન્ટ ગુજરાત જેવા કાર્યક્રમો યોજી અવિરત વિકાસ કાર્ય કરે છે તો વેરાવળ-સોમનાથ વિસ્તારમાં નવી જીઆઈડીસી સ્થાપવા માંગણી કરેલ છે. જેથી આ વિસ્તારની બેરોજગારીનો પ્રશ્ન પણ હલ થઈ શકે.

આ ઉપરાંત કેન્દ્રીય રેલ્વે મંત્રીને પત્ર લખીને જણાવ્યું છે કે, રેલ્વેના સ્લીપર કલાસમાં ડાયરેકટ પુલ ટીકીટ બને છે પરંતુ એ.સી. કલાસમાં બનતી નથી. જયારે સરકયુલર ટીકીટમાં ડીપીટી સળંગ બની શકે છે તો ડીપીટી સુવિધા એ.સી. કલાસમાં આપવા માંગણી કરી છે. આ પત્રની નકલ જીલ્લા કલેકટર, રેલ્વે વિભાગ અને સાંસદને પણ મોકલવામાં આવી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# સંસદ ભવનનાં હુમલાએ સુરક્ષાતંત્રની પોલ ખોલી નાખી

કેટલીક તારીખો પોતાની સાથે ઈતિહાસ લઈને આવે છે. ૧૩ ડિસેમ્બર ૨૦૦૧ના રોજ ઈતિહાસમાં એક કાળો અધ્યાય નોંધાયો હતો. જ્યારે દેશના લોકતંત્ર પર સૌથી મોટી આતંકી હુમલો થયો હતો. ફક્ત ૪૫ મિનિટમાં પાંચ આતંકવાદીઓએ દેશની સંસદને ઘાયલ કરી દીધી હતી. એ સંસદ હુમલાની ૨૨મી વરસીએ દેશના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પીએમ મોદી, લોકસભા સાંસદ ઓમ બિરલા, અમિત શાહ, મલ્લિકાર્જુન ખડગે સહિત કેટલાય સાંસદોએ શહીદોને શ્રદ્ધાંજલિ આપી અને આ જ દિવસની બપોરે લોકસભામાં સુરક્ષામાં ભારે ચૂક જોવા મળી. સંસદમાં આજે એ થઈ ગયું જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. નવી સંસદમાં શિયાળુ સત્રની કાર્યવાહી ચાલી રહી હતી. લોકસભામાં પશ્ચિમ બંગાળના માલ્દોહ ઉત્તરથી ભાજપ સાંસદ સ્વગેન મુર્મૂ ભાષણ આપી રહ્યા હતા. સભાપતિની ખુરશી પર ભાજપ સાંસદ રાજેન્દ્ર અગ્રવાલ બેઠા હતા. ત્યારે જ અચાનક દર્શક ગેલેરીમાંથી કોઈના કૂદવાનો અવાજ આવ્યો. તમામ સાંસદો ચોંકી ગયા. કોઈ કશું સમજી શકે એ પહેલાં યુવક એક બેંચ પરથી બીજી બેંચ પર કૂદતો ગયો. તેણે પોતાના જૂતામાંથી કંઈક કાઢ્યું અને તેમાંથી પીળા ધૂમાડા નીકળવા લાગ્યા. આખા પરિસરમાં ધૂમાડો ફેલાઈ ગયો. ચારેબાજુ અફરાતફરીનો માહોલ વ્યાપી ગયો. જોકે બસપાના સાંસદ મલૂક નાગરે યુવકને દબોચી લીધો. અસલમાં બે યુવકો સંસદમાં ઘૂસી ગયા હતા. એકને હનુમાન બેનીવાલે ઝડપી લીધો હતો. પરંતુ સંસદ પર હુમલાની ૨૨મી વરસીએ સંસદની સુરક્ષામાં આ ગંભીર ચૂક ગણવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ પન્નુએ એક વીડિયો જારી કરીને ધમકી આપી હતી કે મારી હત્યા કરવાની કોશિશ જે નિષ્ફળ રહી. ૧૩ ડિસેમ્બરે સંસદ ભવન પર હુમલો કરીને હું તેનો જવાબ આપીશ. સરકારે આ ધમકીને ગંભીરતાથી લેવી જોઈતી હતી અને સંસદની સુરક્ષામાં વધારો કરવો જોઈતો હતો. જોકે આ બે યુવકોનો હેતુ શું હતો એ જાણી નથી શકાયો. તેમને અટકાયતમાં લેવામાં આવ્યા છે. તેમની સાથે સંસદની બહાર પ્રદર્શન કરતા બે વ્યક્તિની પણ અટકાયત કરવામાં આવી છે. તેમાં એક યુવક અને એક યુવતી હતા, જેમણે પણ સ્મોક ગનનો ઉપયોગ કર્યો હતો. આ ઘટના બેહદ ગંભીર છે, કારણ કે સંસદ પર આતંકી હુમલાની આ ૨૨મી વરસી હતી અને એ જ દિવસે આ પ્રકારની સુરક્ષા ચૂક હેરાન કરનારી છે. સદનમાં ઘૂસનારા યુવકો એક સાંસદના લેટર પર ગેસ્ટ તરીકે પાસ લઈને દર્શક ગેલરીમાં આવ્યા હતા. સદનની અંદર અને બહાર પ્રદર્શન કરનાર શખ્સોએ નારેબાજી પણ કરી હતી. હવે સરકારની જવાબદારી છે કે તેઓ આ તત્ત્વોનો મૂળ હેતુ જાણે અને તેમના આકાઓની તપાસ કરે. જોકે સદનમાં કરાયેલ આ હુમલો સરકારનાં સુરક્ષા વ્યવસ્થાનાં બણગાંની પોલ ખોલે છે એટલું તો નક્કી.

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ અંતર્ગત વિવિધ ક્ષેત્રે એક જ દિવસમાં રૂ. ૧ લાખ કરોડના સંભવિત રોકાણ સાથે ૨૩ MoU થયાં




ગાંધીનગર તા.૧૬ આગામી જાન્યુઆરી- ૨૦૨૪માં યોજાનારી ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના પ્રારંભ પૂર્વે આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ વિવિધ ઉદ્યોગ જુથો સાથે ગાંધીનગરમાં વધુ ૨૩ ર્ં કરવામાં આવ્યા છે. વિવિધ ઉદ્યોગ રોકાણકારોએ રાજ્ય સરકાર સાથે એક જ દિવસમાં આજે રૂ. ૧ લાખ કરોડના સંભવિત રોકાણ કર્યા છે, તેની સાથે જ આ રોકાણથી ૭૦ હજાર રોજગાર સર્જન થવાની સંભાવના છે. રાજ્ય સરકારે પ્રતિ સપ્તાહ વિવિધ ઉદ્યોગો સાથે ર્ં કરવાનો જે સિલસિલો શરૂ કર્યો છે તેમાં અત્યાર સુધીમાં યોજાઈ ગયેલી એમ.ઓ.યુ. હસ્તાક્ષરની ૧૩ શ્રૃંખલાઓમાં ૭૭ ર્ં સાથે રૂ. ૩૫ હજાર કરોડના સંભવિત રોકાણો થયા છે. તે ઉપરાંત આજે એમ.ઓ.યુ. હસ્તાક્ષરની ૧૪મી શ્રૃંખલામાં ૨૩ ર્ં સાથે રૂ. ૧ લાખ કરોડના સંભવિત રોકાણ થયા છે. એટલે કે આજ દિન સુધી ૧૦૦ ર્ં સાથે રૂ. ૧.૩૫ લાખ કરોડથી વધુના સંભવિત રોકાણો થયા છે. આજે કરવામાં આવેલા એમઓયુ અંતર્ગત પોર્ટ અને પોર્ટ સંબંધિત ક્ષેત્રમાં રૂ.૨૭,૨૭૧ કરોડના અંદાજિત રોકાણ સાથે ૧૦,૧૦૦ રોજગારનું સર્જન થશે. તે ઉપરાંત પાવર ક્ષેત્રમાં રૂ.૪૫,૬૦૦ કરોડના અંદાજિત રોકાણ સાથે ૫,૫૦૦ રોજગારનું સર્જન, મિનરલ આધારિત પ્રોજેક્ટ્સ ક્ષેત્રમાં રૂ.૪,૦૦૦ કરોડના અંદાજિત રોકાણ સાથે ૨,૦૦૦ રોજગારનું સર્જન, એન્જિનિયરિંગ ઓટો અને અન્ય ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રમાં રૂ.૧૩,૦૭૦ કરોડના અંદાજિત રોકાણ સાથે ૮,૧૫૦ રોજગારનું સર્જન, ઔદ્યોગિક પાર્ક, ટેક્ષટાઈલ્સ અને એપરલ તથા કેમિકલ અને પેટ્રોકેમિકલ ક્ષેત્રમાં રૂ.૪,૪૬૯ કરોડના અંદાજિત રોકાણ સાથે ૩૪,૬૫૦ રોજગારનું સર્જન, શિક્ષણ ક્ષેત્રમાં રૂ.૩૧૦૦ કરોડથી વધુના અંદાજિત રોકાણ સાથે ૮,૨૦૦ રોજગારનું સર્જન તેમજ એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં રૂ.૩૫૦૦ કરોડના અંદાજિત રોકાણ સાથે ૧૨૯૦ રોજગારનું સર્જન થશે. ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂત, કૃષિમંત્રી રાઘવજી પટેલ અને ઉદ્યોગ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં થયેલા આ એમ.ઓ.યુ. અંતર્ગત ઉદ્યોગો પોતાના એકમો સંભવતઃ ૨૦૨૫ થી ૨૦૩૦ વચ્ચે શરૂ કરશે. અમરેલી, વલસાડ, હજીરા, દેવભૂમિ દ્વારકા, જામનગર, કચ્છ, સલાયા, મોરબી, જામનગર, ધોળકા, રાજકોટ, સુરેન્દ્રનગર, વડોદરા, અમદાવાદ, મહેસાણા સહિતના વિવિધ જિલ્લાઓના વિસ્તારોમાં આ ઉદ્યોગો શરૂ થવાના છે.

# આજથી અમિત શાહ ગુજરાતના બે દિવસના પ્રવાસે



અમદાવાદતા.૧૬

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ફરી ગુજરાત પ્રવાસે આવવાના છે. આવતીકાલથી અમિત શાહ ગુજરાતના બે દિવસના પ્રવાસે છે. તેઓ આવતીકાલે અલગ અલગ ત્રણ કાર્યક્રમોમાં હાજરી આપવાના છે. સાથે જ લોકસભા ચૂંટણીને લઈને ભાજપની રિવ્યૂ બેઠક પણ આ પ્રવાસ દરમિયાન યોજવાના છે. ત્રણ રાજ્યોની વિધાનસભા ચૂંટણીની જીત બાદ અમિત શાહ પ્રથમ વાર ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. અમિત શાહ આજે રાત્રે જ ગુજરાત આવી જાય તેવી શક્યતા છે. જો કે તેઓ આવતીકાલથી બે દિવસ અલગ અલગ કાર્યક્રમમાં હાજરી આપવાના છે. અમિત શાહના આવતીકાલના તમામ કાર્યક્રમો શિક્ષણ લક્ષી છે. અમદાવાદમાં મોટી સંખ્યામાં મહારાષ્ટ્રીય સમાજ રહે છે. ત્યારે આ મહારાષ્ટ્રીય સમાજનો આવતીકાલે એક શતાબ્દી કાર્યક્રમ છે.જેમાં અમિત શાહ હાજરી આપવાના છે. ત્યાર બાદ અમિત શાહ આણંદની સરદાર પટેલ યુનિવર્સિટીના ૬૬માં પદવીદાન સમારોહમાં પણ હાજર રહેશે. એડવાન્સ ઈન એન્યુરોલોજી સંમેલનમાં પણ અમિત શાહ હાજરી આપશે. તો આ સિવાય ગાંધીનગર લોકસભાને લઈને તેઓ રિવ્યુ બેઠક પણ યોજવાના છે.

# ગુજરાત હાઈકોર્ટે પોલીસ ભરતી અંગે માહિતી આપવા સરકારને આદેશ આપ્યો



અમદાવાદ તા.૧૬

ગુજરાતભરના પોલીસકર્મીને લઈ મહત્વના સમાચાર મળી રહ્યા છે. ગુજરાત હાઈકોર્ટે પોલીસ ભરતી અંગે માહિતી આપવા સરકારને આદેશ આપ્યો છે. વર્ષ ૨૦૨૩ની સ્થિતિ મુજબ ખાલી પડેલી જગ્યા ભરવા આદેશ આપવામાં આવ્યો છે. ગુજરાત હાઈકોર્ટે સરકારને પુછ્યું હતું કે કેટલા પોલીસકર્મીઓની ભરતી કરી? બાકી રહેલી જગ્યાઓ અને કેટલી ભરતી બહાર પાડી છે, તેની પણ વિગત આપો. પોલીસકર્મીઓ મુદ્દે વિગતવાર રિપોર્ટ રજૂ કરવા સરકારને હાઈકોર્ટેઆદેશ આપી દીધો છે. પોલીસકર્મીઓ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો લીધો છે. રાજ્યના પોલીસકર્મીને લઈ મહત્વના સમાચાર સામે આવ્યા છે. પોલીસ ભરતીને લઈને સરકાર પર હાઈકોર્ટ લાલઘૂમ થઈ છે. પોલીસકર્મીઓની ભરતી અંગે હાઈકોર્ટે સુઓમોટો લીધો છે. પોલીસ ભરતીની તમામ માહિતી આપવા સરકારને આદેશ કર્યો છે. ગુજરાત હાઈકોર્ટે પોલીસ ભરતી અંગે સરકારને વર્ષ ૨૦૨૩ની સ્થિતિ મુજબ ખાલી પડેલી જગ્યા ભરવા આદેશ આપ્યો છે. ગુજરાત હાઈકોર્ટે કહ્યું છે કે કેટલા પોલીસકર્મીઓની ભરતી કરી? આ મુદ્દે હાઈકોર્ટમાં ચીફ જજ સુનિતા અગ્રવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ સુનવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં પોલીસ બેડામાં ખાલી પડેલ જગ્યાઓ વિશે રજૂઆત કરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટે સરકારને સવાલ કર્યો છે કે બાકી રહેલી જગ્યાઓ અને કેટલી ભરતી બહાર પાડી છે તે વિગત આપો. પોલીસકર્મીઓ મુદ્દે વિગતવાર રિપોર્ટમાં રજૂ કરવા હાઈકોર્ટનો આદેશ છે. તેમાં પોલીસકર્મીઓ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો લીધી છે. ૩૧ ડીસેમ્બર, ૨૦૨૩ સુધીમાં સરકાર પોલીસ બેડામાં ખાલી પડેલ જગ્યાઓ અને હાથ ધરાયેલ ભરતીઓ વિશે જાણકારી આપશે. આ મુદ્દે વધુ સુનવણી ૩૦ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ રાખવામાં આવી છે. અગાઉ એપ્રિલ મહિનામાં સરકાર દ્વારા એફિડેવિટમાં સ્વીકાર કર્યો હતો કે રાજ્યના પોલીસ વિભાગમાં ૨૧.૩% જગ્યા ખાલી છે. જેનો આંકડો ૨૭ હજાર જેટલો છે. સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સની ૦૪ હજાર જગ્યા ખાલી છે. ૦૭ હજાર પોલીસ કર્મચારીની વર્ષ ૨૦૨૩-૨૪ માં ભરતી કરવાની રાજ્ય સરકારે કોર્ટમાં વિગત આપી છે.

# રિટેલ ફુગાવા પછી જથ્થાબંધ ફુગાવામાં જબરદસ્ત વધારો



નવી દિલ્હી તા.૧૬

રિટેલ મોંઘવારી બાદ જથ્થાબંધ મોંઘવારી દરમાં જબરદસ્ત વધારો થયો છે. મળતી માહિતી મુજબ જથ્થાબંધ મોંઘવારી દર ૮ મહિનાની ટોચે પહોંચી ગયો છે. ખાસ વાત એ છે કે ૭ મહિના બાદ જથ્થાબંધ મોંઘવારી દરના આંકડા સકારાત્મક સંખ્યામાં જોવા મળ્યા છે. એપ્રિલ ૨૦૨૩ થી જથ્થાબંધ ફુગાવાના આંકડા શૂન્યથી નીચે જોવા મળ્યા હતા. ઓક્ટોબરમાં જથ્થાબંધ મોંઘવારી દર ૦.૨૬ ટકા જોવા મળ્યો હતો. જે નવેમ્બર મહિનામાં ઘટીને ૦.૨૬ ટકા પર આવી ગયો છે. WPI ડેટા રિટેલ ફુગાવાના ડેટાના બે દિવસ બાદ આવ્યો છે. છૂટક ફુગાવો નવેમ્બરમાં ૫.૫૫ ટકાની ત્રણ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જે જુલાઈમાં ૭.૪૪ ટકાની ૧૫ મહિનાની ઊંચી સપાટી કરતાં હજુ પણ ૧૮૯ બેસિસ પોઈન્ટ નીચો છે. આ જ સમયગાળામાં જથ્થાબંધ મોંઘવારી દરમાં ૧૪૯ બેસિસ પોઈન્ટનો વધારો થયો છે. કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સની જેમ, ઉં પણ નવેમ્બરમાં ફૂડ ઈન્ડેક્સમાં ૧.૯ ટકાના વધારાને કારણે મહિને દર મહિને ૦.૫ ટકા વધ્યો હતો. શાકભાજીના ભાવમાં વધારાને કારણે ખાદ્યપદાર્થોની મોંઘવારી વધી છે. જેમાં ડુંગળીનો સૌથી વધુ હિસ્સો જોવા મળ્યો છે. જેમાં ૧૬.૫ ટકાનો વધારો જોવા મળ્યો છે. જથ્થાબંધ ખાદ્ય ફુગાવો ઓક્ટોબરમાં ૧.૦૭ ટકાથી વધીને નવેમ્બરમાં ૪.૬૯ ટકા થયો હતો, જેમાં ફળોના ભાવમાં ૧.૭ ટકા, ઘઉંમાં ૧.૬ ટકા અને કઠોળના ભાવમાં ૧.૪ ટકાનો સમાવેશ થાય છે..

આ સમયગાળા દરમિયાન ઉત્પાદિત ઉત્પાદનોની કિંમતોમાં થોડો ફેરફાર થયો છે. આ ઈન્ડેક્સમાં માત્ર ૦.૧ ટકાનો વધારો જોવા મળ્યો છે. ઉત્પાદિત ઉત્પાદનોના ફુગાવાને નિયંત્રણમાં રાખવાથી મુખ્ય કાચા માલના ભાવમાં નબળાઈ આવી છે. ઓક્ટોબરની સરખામણીએ અર્ધ-તૈયાર સ્ટીલના ભાવ સૂચકાંકમાં ૧.૫ ટકા અને મૂળભૂત ધાતુઓની કિંમતમાં ૦.૯ ટકાનો ઘટાડો થયો છે. તૈયાર ઉત્પાદનોમાં પણ, ચામડા અને સંબંધિત ઉત્પાદનોના ભાવમાં ૦.૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે ફાર્મા અને રબર અને પ્લાસ્ટિક ઉત્પાદનોના ભાવમાં ૦.૩-૦.૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ઉત્પાદિત ઉત્પાદનોની કિંમતો, જે ડબલ્યુપીઆઈના લગભગ બે તૃતીયાંશ ભાગ બનાવે છે. ટોપલી, ભાગ છે, સતત ત્રણ મહિના માટે સ્થિર છે. નવેમ્બરમાં શૂન્યથી ઉપર વધવા છતાં, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ આઠ મહિનામાં સરેરાશ WPI ફુગાવો નકારાત્મક રહે છે, જે -૧.૩૩ ટકા છે. જ્યારે આગામી મહિનાઓમાં તે વધુ વધવાની ધારણા છે, અર્થશાસ્ત્રીઓ વ્યાપકપણે સમગ્ર વર્ષ માટે તેની સરેરાશ ૧ ટકાની આસપાસ જુએ છે. આનાથી દેશની નજીવી જીડીપી વૃદ્ધિ માટે સમસ્યાઓ ઊભી થઈ શકે છે, જે ૨૦૨૩-૨૪ના બજેટમાં ટેક્સ કલેક્શન અને અન્ય અંદાજો બનાવતી વખતે ૧૦.૫ ટકા ધ્યાનમાં લેવામાં આવશે. તાજેતરના ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના પ્રથમ છ મહિનામાં નોમિનલ જીડીપી વૃદ્ધિ માત્ર ૮.૬ ટકા હતી.

# ચીનમાં બાળકોમાં ફેલાયેલા રોગને લઈને ગુજરાતમાં એલર્ટ

અમદાવાદ, તા.૧૬

ચીનમાં બાળકોમાં ફેલાયલ ઈન્ફ્લુએન્ઝા, માઈકોપ્લાઝમા ન્યૂમોનિયાના વધતા કેસને લઈને ગુજરાતમાં પણ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં આ બીમારી ન વકરે તે માટે આરોગ્ય વિભાગ સતર્ક થયું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ગુજરાત સરકારને એલર્ટ રહેવા સૂચના આપી છે. એટલુ જ નહીં જો આ રોગચાળો વકરે તો દર્દીઓને તાકીદે સારવાર મળી રહે તે માટે ગુજરાતની તમામ સરકારી હોસ્પિટલોમાં ૧૯ ડિસેમ્બરે મોકડ્રીલ યોજાશે. મોકડ્રીલ દરમિયાન જ હોસ્પિટલોમાં એન્ટી વાયરલ દવા, વેન્ટીલેટર, પીપીટી કીટ, ટેસ્ટીંગ કીટ ઉપરાંત ઓક્સિજન સહિત બેડ તૈયાર છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે. રાજ્ય આરોગ્ય વિભાગની સૂચના બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વિન્ટિલેટર સાથે ૩૦૦ બેડનો ખાસ આઈસોલેશન વોર્ડ પણ તૈયાર કરવામાં આવ્યો છે. સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ આ વર્ષ ચીન માટે ઘણું ખરાબ રહ્યું છે. ચીનને કોરોનાથી થોડી રાહત મળી હતી ત્યારે હવે એક નવી મુસીબત તેમના પર ખતરો ઉભી કરી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ચીનમાં બાળકોમાં શ્વાસ સંબંધી રોગોમાં અચાનક વધારો થયો છે. ૧૩ નવેમ્બરે ચીનમાં અજાણ્યા ન્યુમોનિયાનો પહેલો કેસ નોંધાયો હતો. હવે સ્થિતિ એવી છે કે દરરોજ સરેરાશ ૧,૨૦૦ દર્દીઓ દાખલ થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ચીન ન્યુમોનિયાના કેસ વધવાથી પરેશાન છે. ચીન સિવાય વિશ્વના કેટલાક અન્ય દેશોમાં પણ તેના કેસ જોવા મળ્યા છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે ભારતમાં પણ ન્યુમોનિયાના ૭ કેસ મળી આવ્યા છે, જો કે આ દાવાઓને ખુદ ભારત સરકારના સ્વાસ્થ્ય મંત્રાલયે નકારી કાઢ્યા છે. આવો જાણીએ શું છે આ રોગ અને તેના લક્ષણો. જો કે ન્યુમોનિયા સામાન્ય છે, ચીનમાં આ દિવસોમાં તેના વિશે હોબાળો છે. જ્યારે એક અથવા બંને ફેફસામાં ચેપ લાગે છે, ત્યારે તેને ન્યુમોનિયા કહેવામાં આવે છે. જેના કારણે ફેફસામાં સોજો આવી જાય છે અને ફેફસામાં પ્રવાહી કે પરુ ઉત્પન્ન થાય છે. ફેફસામાં દુખાવાના કારણે શ્વાસ લેવામાં તકલીફ થાય છે. આ અમુક ચેપને કારણે થાય છે. જો કે મોટાભાગના કિસ્સાઓમાં લોકો થોડા દિવસોમાં સ્વસ્થ થઈ જાય છે, પરંતુ કેટલીકવાર તે ખૂબ ગંભીર બની જાય છે.

ન્યુમોનિયાના લક્ષણો

- સૂકી ઉધરસ - ઉંચો તાવ
- શ્વાસની તકલીફ - ફેફસામાં સોજો
- ઝાડા - ઉલટી અથવા ઉબકા
- હંમેશા થાક લાગે છે - શરીરમાં દુખાવો

ડબ્લ્યુએચઓ અનુસાર, છેલ્લા ત્રણ વર્ષની સરખામણીમાં, ઓક્ટોબરના મધ્યથી ઉત્તરી ચીનમાં ઈન્ફલ્યુએન્ઝા જેવા રોગોમાં વધારો નોંધવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં સાવધાન રહેવાની જરૂર છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જે પુરૂષની બુધ્ધિ સમ છે, તે ઉત્તમ છે.

- શ્રીમદ્ ભગવદ ગીતા

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.અમરદાદ-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, માગસર સુદ-૪ વિનાયક ચતુર્થી, ધનુર્માસારંભ, ધનારક કમુહર્તા શરૂ તા.૧૬ ડિસેમ્બર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૨, શ્રવણ નક્ષત્ર, વ્યાઘાત યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૨૬, સૂ.અ.૬:૦૮
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: લાભની નવી તક સાંપડે. વડીલ વર્ગથી લાભ થાય.
વૃષભ:મનની મુરાદ પૂર્ણ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.
મિથુન:આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય. મહત્વના કાર્યમાં સફળતા મળે.
કર્ક: જૂના શત્રુઓનું જોર વધી જાય. સરળ કાર્યો કઠીન બને.
સિંહ: મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. પ્રવાસમાં હાનિ ઉદ્‌ભવે.
કન્યા: મનમાં અશાંતિ રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.
તુલા: નાણાંભીડ અનુભવાય. ભાઈ-બહેન સાથે મતભેદ રહે.
વૃશ્ચિક:અણધાર્યો લાભ મળે. મનમાં ચંચળતા રહે.
ધન: આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ. વાણી સંયમ જાળવવો.
મકર: સામાજિક માન, યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય. માનસિક ચિંતા હળવી બને.
કુંભ: સમસ્યાનો ઉકેલ મળે. કાર્યબોજમાં વધારો થાય.
મીન: દરેક કામમાં સાવચેતી રાખવી હિતાવહ. વ્યર્થ ક્રોધને ટાળવું.

# વિદ્યાર્થી-શિક્ષકોની એન્ટ્રીમાં આળસ દાખવનારી સ્કૂલો સામે લાલ આંખ

અમદાવાદ, તા.૧૬

રાજ્યની તમામ પ્રાથમિક શાળા તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોએ વિદ્યાર્થી તથા શિક્ષક સહિતની તમામ વિગતો યુડાયસ પ્લસ પોર્ટલ ઉપર અપલોડ કરવાની શિક્ષણ વિભાગ દ્વારા સૂચના પછી પણ ઘણી સ્કૂલો નિયત સમયમર્યાદામાં વિગતો પુરી પાડતી ન હોવાનું સામે આવ્યું છે. જેના પગલે સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને સૂચના આપી આગામી ૩૧ ડિસેમ્બર સુધીમાં યુડાયસ પ્લસમાં વિગતો પુરી પાડવા તાકીદ કરાઈ છે. જો સ્કૂલો વિગતો પૂરી પાડવામાં આળસ દાખવે તો તેવી સ્કુલો સામે માન્યતા રદ કરવા સુધીના પગલા લેવા માટે પણ સુચના અપાઈ છે. કેન્દ્ર સરકાર દ્વારા નવી શિક્ષણનિતીનો અમલ કરવા માટે સુચના આપી છે. જેના પગલે ગુજરાતમાં પણ નવી શિક્ષણનિતીનો અમલ કરવાનું નક્કી કરાયું છે. નવી શિક્ષણનિતી અંતર્ગત ૨૦૩૦ સુધીમાં પ્રિ-શાળાથી માધ્યમિકમાં શાળા છોડીને ગયેલા વિદ્યાર્થીઓને પરત સ્કૂલો સુધી લાવવા માટેનું આયોજન કરાયું છે. જેથી કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા ૨૦૨૨-૨૩થી યુડાયસ પ્લસ અંતર્ગત પ્રોફાઈલ એન્ડ ફેસેલિટી, ટીચર અને સ્ટુડન્ટ એમ ત્રણ મોડ્યુઅલમાં માહિતી માંગવામાં આવી છે. સ્ટુડન્ટ મોડ્યુઅલમાં પુર્વ પ્રાથમિકથી લઈને ધોરણ-૧૨ સુધીના તમામ શાળાના તમામ વિદ્યાર્થીઓની વિગતો આ પોર્ટલ ઉપર એકત્રિત કરવામાં આવી રહી છે. રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા, NMMS સ્કોલરશીપ અન્વયે શાળા કક્ષાએ ઓનલાઈન ભરતા વિદ્યાર્થીઓના ફોર્મમાં શાળાનો યુડાયસ કોડ ફરજિયાત છે. તેમજ શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં શિક્ષકોના અનુભવના આધાર માટે પણ યુડાયસ પ્લસના વર્ષવાર રેકોર્ડને માન્ય ગણવામાં આવે છે. જેથી સ્કૂલોએ નિયત સમયમાં આ વિગતો ભરવી ફરજિયાત છે. વારંવાર સ્કૂલોને સુચના આપવા છતાં રાજ્યની અનેક સ્કૂલો વિગતો પુરી પાડવામાં આળસ દાખવતી હોવાની વિગતો સામે આવી હતી.

# રાજ્યની ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપક સહાયકોને બઢતી, ઉચ્ચતર પગાર ધોરણના લાભો મળશે

ગાંધીનગર, તા.૧૬

અધ્યાપક સહાયકો માટે અગત્યના સમાચાર છે. ગ્રાંટેડ કોલેજના અધ્યાપક સહાયકો માટે સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. બિનસરકારી ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપક સહાયકો માટે સરકારે પરિપત્ર જાહેર કર્યો છે. જેમાં પાંચ વર્ષ ફિક્સ પગારની નોકરી સળંગ ગણાશે તેમજ બઢતી, ઉચ્ચતર પગાર ધોરણ માટે લાભ મળશે. સરકારના પરિપત્રમાં જણાવ્યા અનુસાર ઓગસ્ટ ૨૦૦૫ના ઠરાવથી નિમણૂંક પામેલા અધ્યાપક સહાયકને લાભ મળશે, આવા બિનસરકારી ગ્રાન્ટેડ કોલેજના અધ્યાપક સહાયકોની ફિક્સ પેની સેવાઓને સળંગ ગણવામાં આવશે. ફિક્સ પે વખતના પાંચ વર્ષના સમયગાળાને શરતોને આધિન ગણતરીમાં લેવાશે. પ્રમોશન, સિનિયોરીટી, હાયર સ્કેલ અને નિવૃત વિષેયક લાભો માટે ફિક્સ પેના પાંચ વર્ષને પણ ગણતરીમાં લેવાશે. એમ શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં ઠરાવમાં જણાવાયું છે. ઠરાવ મુજબ, રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૫ના ઠરાવથી નિમણૂક પામેલ અધ્યાપક સહાયકને તેઓની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો આપવા માટે સેવા તરીકે નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે. આવી ફિક્સ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગારધોરણ અને નિવૃત્તિ વિક લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવાશે,, આ સિવાય અન્ય કોઈપણ પ્રકારના સેવાકીય/નાણાકીય લાભ મળવા પાત્ર થશે નહીં. આ ફિક્સ પગારની સેવા ધ્યાને લેવાને કારણે પગાર બાંધણી થતાં નક્કી થતાં પગારનો તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઈપણ તફાવત એરીયસ રોકડમાં કે અન્ય કોઈપણ રીતે ચૂકવવા પાત્ર થશે નહી. અર્થાત તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળા માટે આ ગણતરીમાં નોશનલ કરવાની રહેશે તેમજ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળાનું કોઈ એરીયર્સ મળવા પાત્ર થશે નહીં. આ ફિક્સ પગારની સેવાના સમયગાળા માટે કોઈપણ પ્રકારના ઈજાફા ગણતરીમાં, નોશનલના હેતુ માટે પણ ધ્યાને લેવાના રહેશે નહીં. જે કર્મચારીઓને હાલની તારીખે જૂની પેન્શન યોજના લાગુ પડે છે તેઓને જૂની પેન્શન યોજના લાગુ પડશે. જે કર્મચારીઓ નવી પેન્શન યોજનામાં જોડાયેલ છે તેઓને નવી પેન્શન યોજના જ લાગુ પડશે. અર્થાત ફિક્સ પગારની નોકરીનો સમયગાળો ધ્યાને લેવાના કારણે તેઓને હાલમાં લાગુ પડેલી પેન્શન યોજનામાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. આ લાભો ૦૧-૦૪-૨૦૧૯ની અસરથી મળવા પાત્ર થશે. એમ વધુમાં ઠરાવમાં જણાવાયું છે.

# ખાદ્યપદાર્થોના ઉચ્ચ ખર્ચને કારણે દેશમાં ફુગાવો વધીને ૫.૫૫%ની ત્રણ મહિનાની ઉચ્ચ સપાટીએ

**કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ દ્વારા માપવામાં આવેલ છૂટક ફુગાવો નવેમ્બર ૨૦૨૩માં એક વર્ષ અગાઉ ૫.૫૫% વધ્યો હતો, જે ઓક્ટોબરમાં ૪.૮૭% હતો, પરંતુ તે અપેક્ષાથી થોડો ઓછો હતો**

નવી દિલ્હી, તા.૧૬

ખાદ્યપદાર્થોના ખર્ચને લીધે નવેમ્બરમાં છૂટક કિંમતો ત્રણ મહિનાની ઊંચી સપાટીએ આવી ગઈ હતી, જે અનાજ અને ભારે હવામાનને કારણે સપ્લાયની અસ્થિરતા દર્શાવે છે. સત્તાવાર ડેટા દર્શાવે છે કે, ખાદ્યપદાર્થોના સતત ઊંચા ભાવ ફુગાવાને તેના ૪(+/-૨)%ના લક્ષ્યાંક બેન્ડમાં રાખવાના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના પ્રયાસોને જટિલ બનાવી શકે છે. મુખ્ય ફુગાવો, જે ખોરાક, બળતણ અને ઉર્જા ખર્ચ જેવી અસ્થિર વસ્તુઓને દર્શાવે છે, તે ૪.૧%ના દરે ઘટી રહ્યો છે અને આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટા દર્શાવે છે કે, નવેમ્બર ૨૦૨૨માં, છૂટક કિંમતો ૫.૮૮% વધી હતી. આ મહિનામાં ખાદ્યપદાર્થોના ભાવ, સંયુક્ત ખાદ્ય ભાવ સૂચકાંક દ્વારા માપવામાં આવે છે, જે એક પેટા ઘટક છે, જે ઓક્ટોબરમાં ૬.૬૧%ના વધારાની સરખામણીમાં વાર્ષિક ધોરણે ૮.૭૦% સુધી ઝડપથી વધ્યો હતો. ગ્રાહક ફુગાવાના બાસ્કેટમાં ખાદ્ય ચીજોનો હિસ્સો લગભગ અડધો છે. આ આંકડા અનુસાર, શહેરી કેન્દ્રોમાં ૫.૨૬% કરતા નવેમ્બરમાં ગ્રામીણ ભારતમાં ફુગાવો ૫.૮૫% હતો. મુખ્ય સેગમેન્ટ્સમાં, નવેમ્બરમાં અનાજનો ફુગાવો ૧૦.૨૭% પર હતો. જ્યારે શાકભાજીના ભાવમાં ૧૭.૭૦%નો વધારો થયો હતો. આવશ્યક ચીજવસ્તુઓના અન્ય મુખ્ય જૂથ કઠોળમાં ૨૦.૨૩%નો વધારો થયો છે. ઈંધણ અને વિદ્યુત ફુગાવો ૦.૭૭% ઘટ્યો, જ્યારે હાઉસિંગના ભાવમાં મધ્યમ ૩.૫૫% વધારો થયો છે. ફૂટવેર ૩.૨૯% મોંઘા થયા છે. મોટાભાગના વિશ્લેષકોએ નવેમ્બરમાં ભારતના છૂટક ભાવમાં વધુ વધારો થવાની ધારણા રાખી હતી. ૨૩ અર્થશાસ્ત્રીઓએ કહ્યું કે નવેમ્બરમાં ગ્રાહક ભાવ સૂચકાંક વધીને ૫.૮% થવાની સંભાવના છે. કોર ફુગાવો હાલમાં આરબીઆઈના લક્ષ્ય સુધી પહોંચી રહ્યો છે. ભારતના રિટેલ બાસ્કેટમાં ખાદ્ય ઉત્પાદનોના મોટા પ્રમાણને જોતાં RBIની સાવધાની જરૂરી છે. સેન્ટ્રલ બેંકે છેલ્લી ચાર મીટિંગોમાં મુખ્ય નીતિ દરને યથાવત રાખ્યો છે, તે ૨૦૨૩ ૨૪માં ફુગાવો સરેરાશ ૭% રહેવાની અપેક્ષા રાખે છે, જે અગાઉના વર્ષમાં નોંધાયેલા ૬.૭% કરતા થોડો વધારે છે. મંગળવારના આંકડા દર્શાવે છે કે ફુગાવો RBIના ૫૦ મહિનાથી વધુના ૪%ના મધ્યમ ગાળાના લક્ષ્યાંક કરતાં વધુ છે. પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે અસ્થિર ખાદ્ય પદાર્થો માટે સતત જોખમ છે. ખાદ્યપદાર્થોના વધુ ખર્ચ ગરીબ પરિવારોને વધુ અસર કરે છે. RBI ગવર્નર શક્તિકાંત દાસે ગયા મહિને ચેતવણી આપી હતી કે, કેન્દ્રીય બેંક ફુગાવાના "સ્રોતો" સામે જાગ્રત રહેશે અને ભાવમાં તાજેતરમાં સ્થિરતા છતાં ભારે હવામાનની ઘટનાઓ અને વૈશ્વિક પરિબળોથી ભારતમાં ખાદ્યપદાર્થોના ભાવ સંવેદનશીલ છે. આ સંજોગોમાં વૃદ્ધિ માટે મોનેટરી પોલિસી સતર્ક છે અને ફુગાવાના લક્ષ્યને ક્રમશઃ સંરેખિત કરવા સક્રિયપણે સચેત છે. દાસે નવેમ્બરમાં જાપાનમાં એક કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ભારત, વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને નવેમ્બરમાં ફુગાવો અપેક્ષા મુજબ વધ્યો હતો પરંતુ અમારી અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ થઈ હતી. એચડીએફસી બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી સાક્ષી ગુપ્તાએ જણાવ્યું હતું કે, ફુગાવા માટે ખાદ્ય ફુગાવો એ મુખ્ય પ્રેરક છે.

# ઓક્ટોબરમાં ભારતે રશિયન ક્રૂડ માટે પશ્ચિમના ભાવ કેપ કરતાં $20/બેરલ વધુ ચૂકવ્યા છે : અહેવાલ

## નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં ભારતીય આયાતમાં રશિયન તેલનો હિસ્સો ૪૦% હતો




નવી દિલ્હી, તા.૧૬

ભારતે ઓક્ટોબરમાં રશિયન ક્રૂડ ઓઈલ માટે પ્રતિ બેરલ $84.20 ચૂકવ્યા હતા, જે ડિસેમ્બર ૨૦૨૨માં રશિયાના યુક્રેન ઉપરના આક્રમણના પરિણામે ગ્રૂપ ઓફ સેવન રાષ્ટ્ર દ્વારા નિર્ધારિત $60 પ્રતિ બેરલ પ્રાઈસ કેપથી વધુ છે. સમાચાર અહેવાલ મુજબ, ભારત પશ્ચિમી દેશો દ્વારા નિર્ધારિત કિંમત મર્યાદા કરતાં વધુ કિંમત ચૂકવીને રશિયન તેલના સૌથી મોટું ખરીદદાર બન્યું છે. તેણે સપ્ટેમ્બરમાં લગભગ $81.24 પ્રતિ બેરલની સરેરાશ કિંમત ચૂકવી હતી. ઓક્ટોબરમાં, તેણે અત્યાર સુધીની સૌથી વધુ કિંમત પ્રતિ બેરલ $84.20 ચૂકવી હતી. ભારત તેલના આયાત બિલમાં ઘટાડો કરવા માંગે છે. ભારત તેલની આયાત ઉપર નિર્ભર છે કારણ કે સ્થાનિક તેલની માંગ વધુ છે. તેણે ગયા વર્ષની શરૂઆતમાં પશ્ચિમી પ્રતિબંધોને કારણે ડિસ્કાઉન્ટેડ ભાવનો લાભ લઈને તેના તેલના આયાત બિલમાં ઘટાડો કરવા માટે રશિયા પાસેથી સસ્તા ભાવે તેલ ખરીદ્યું હતું. રશિયા ભારતનું તેલનું સૌથી મોટું સપ્લાયર બન્યું છે અને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં ભારતની ઉત્પાદનની ૪૦% આયાત પૂરી પાડી છે. આ વર્ષે ઓક્ટોબરમાં, ઈરાક અને સઉદી અરેબિયામાંથી ક્રૂડ ઓઈલ, જે ભારતના બીજા અને ત્રીજા સૌથી મોટા ઓઈલ સપ્લાયર છે, તેમની સરેરાશ અનુક્રમે $85.75 પ્રતિ બેરલ અને $98.77 પ્રતિ બેરલ હતી. વિશ્વના અગ્રણી તેલ ઉત્પાદક દેશો દ્વારા ઉત્પાદન કાપને કારણે તે સમયે કિંમતો ઊંચી હતી. એવા સમયે જ્યારે વૈશ્વિક તેલ બજાર ઉછાળા ઉપર હતું, ત્યારે રશિયન ક્રૂડ ઓઈલ બેરલ દીઠ $84.20 એ સસ્તો વિકલ્પ હતો. ભારત સરકારે રશિયા સામેના પ્રતિબંધોને અવગણવાના તેના નિર્ણયનો બચાવ કર્યો છે અને એવી દલીલ કરી છે કે જ્યારે પણ શક્ય હોય ત્યારે નીચા ભાવનો લાભ લેવાનો તેનો અધિકાર છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે ગયા વર્ષે જણાવ્યું હતું કે, ઓઈલ અને ગેસના વિશ્વના ત્રીજા સૌથી મોટા ગ્રાહક તરીકે, તે સુનિશ્ચિત કરવાની અમારી મૂળભૂત જવાબદારી છે કે ભારતીય ઉપભોક્તા આંતરરાષ્ટ્રીય બજારોમાં સૌથી વધુ ફાયદાકારક રીતે શ્રેષ્ઠ સંભવિત ભાવ મેળવી શકે. અમે પ્રામાણિકપણે જોયું છે કે ભારત-રશિયન સંબંધો અમારા ફાયદા માટે છે. જો તે અમારા ફાયદા માટે છે, તો અમે તેને ચાલુ રાખીશું. ભારત કથિત રૂપે એવા દેશોના જૂથનું નેતૃત્વ કરે છે જે રશિયા સામેના પ્રતિબંધોને દૂર કરવામાં મદદ કરે છે અને રશિયન ક્રૂડ તેલની ખરીદી કરીને તેને શુદ્ધ કરે છે અને યુરોપિયન દેશોને પ્રોસેસ્ડ ઉત્પાદનો વેચે છે. આ મહિનાની શરૂઆતમાં વૈશ્વિક તેલના ભાવમાં ઘટાડો થઈ રહ્યો છે અને રશિયાના મુખ્ય ક્રૂડ ઓઈલની વિવિધતા બાલ્ટિક સમુદ્રના બંદરોમાં પ્રતિ બેરલ $60 કરતાં ઓછી કિંમતે ઉપલબ્ધ છે. તેનાથી ભારતને રશિયન ક્રૂડ ઓઈલની વધુ માત્રામાં આયાત કરવામાં મદદ મળશે.

## રાજ્યની હોસ્પિટલોમાં તા.૧૯ ડિસેમ્બર સુધી મોકડ્રીલનું આયોજન

# ચીનમાં ફેલાયેલા વાયરસને લઈ રાજ્યનું આરોગ્ય તંત્ર એલર્ટ

ગાંધીનગર, તા.૧૬

ચીનમાં રહસ્યમય બીમારી વકરતા ગુજરાતમાં આરોગ્ય વિભાગે એલર્ટ જાહેર કર્યુંછે. ચીની વાયરસને લઈ રાજ્યનું આરોગ્ય વિભાગ સતર્ક થયું છે. તો બીજી તરફ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાજ્યોને માર્ગદર્શિકા મોકલી છે. જેને લઈને પણ આરોગ્ય વિભાગે નિર્દેશો જારી કર્યા હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. આરોગ્ય વિભાગે એકશન મોડમાં આવી નિર્દેશો જારી કરતા તે અનુસંધાને હવે રાજ્યની હોમસ્પિટલોમાં ૧૯ ડિસેમ્બર સુધી મોકડ્રીલનું આયોજન થશે. ઓક્સિજન, બેડ, દવાઓની હોસ્પિટલમાં ચકાસણી પણ કરવામાં આવશે. તમામ હોસ્પિટલોને તમામ સુવિધા ઉપલબ્ધ રાખવા સૂચના અપાઈ છે. સરકારી હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો સહિતના તમામ સ્થળે મોકડ્રીલ સાથે સજ્જ રહેવાના નિર્દેશો આપવામાં આવતા તૈયારીઓ કરી લેવાઈ છે. ચીનમાં ફેલાયેલા વાયરસ મામલે AMCએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. થોડા દિવસ અગાઉ AMC સંચાલિત હોસ્પિટલમાં જરૂરી દવા ઉપલબ્ધ કરવાની સૂચના આપવામાં આવી હતી. હોસ્પિટલમાં જરૂરી દવા, ઓક્સિજન, કાર્યરત કરવાની સૂચના આપવામાં આવી છે. તેમજ વેન્ટિલેટર આગામી સમયમાં શરૂ કરવામાં આવશે. કોરોનાના લક્ષણો આમાં જોવા મળી રહ્યા છે. તેમજ તાવ, ઝાડા, ઉલટી જેવા લક્ષણો પણ જોવા મળે છે ત્યારે આવા લક્ષણો સાથે દર્દીઓ આવે તો સેમ્પલ ઝીનોમ સિકવન્સિંગ માટે મોકલવામાં આવશે તેમ પણ ઠરાવવામાં આવ્યું છે. ચીનની બીમારી સામે અમદાવાદ સહિત રાજ્યભરમાં આરોગ્ય વિભાગ સજ્જ થઈ રહ્યું છે. સિવિલ હોસ્પિટલમાં બાળકો માટે અલગથી વોર્ડ બનાવાયા છે. આ બાબતે અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ રાકેશ જોશીએ નિવેદન આપ્યું હતું કે, ચીનની બીમારી ન્યૂમોનિયા પ્રકારનો રોગ છે. સિવિલમાં બાળકો માટે ૩૦૦ બેડ ગોઠવાયા છે. ચીનમાં ફેલાયેલા રહસ્યમય રોગ ઉપર નજર રાખી રહ્યા છે.

## મો.શમી અર્જુન એવોર્ડની રેસમાં

વિશ્વકપ ૨૦૨૩માં પોતાના શાનદાર પ્રદર્શન બાદ મોહંમદ શમી અર્જુન એવોર્ડ માટે સ્પર્ધામાં છે. વિશ્વકપ ૨૦૨૩માં ૨૪ વિકેટ લઈ અને હાઈએસ્ટ વિકેટ લેનાર ખેલાડી બન્યા બાદ પસંદગી સમિતિ દ્વારા આ વર્ષના પ્રતિષ્ઠિત અર્જુન એવોર્ડ માટે ભારતના ઝડપી બોલરની ભલામણ કરી છે. સૂત્રોના અનુસાર બીસીસીઆઈએ ખેલ મંત્રાલયને વિશેષ અનુરોધ કર્યો હતો. કારણ કે પહેલા શમીનું નામ યાદીમાં સામેલ ન હતું. અર્જુન એવોર્ડ બીજું સૌથી મોટું ખેલ સન્માન છે. ૩૩ વર્ષીય ખેલાડી પુરૂ વર્ષ મેન ઈન બ્લ્યુ માટે સનસનીખેજ રહ્યો છે. તેના અભિયાનનું મુખ્ય આકર્ષણ વાનખેડેમાં શ્રીલંકા વિરૂદ્ધ (૧૮ રનમાં પાંચ વિકેટ) શાનદાર પ્રદર્શન હતું. વિશ્વકપમાં પોતાની ટીમની પ્રથમ ચાર મેચો ગુમાવ્યા બાદ શમી એક સ્ટાર બોલરના રૂપમાં ઉભર્યો હતો. તેણે ફક્ત ૧૦.૭૦ની સરેરાશથી ૨૪ વિકેટ ઝડપી હતી. રમતના ઈતિહાસમાં ફક્ત ચાર ખેલાડીઓ લસિથ મલિંગા (૫૬), મિશેલ સ્ટાર્ક (૬૫), મુરલીધરન (૬૮) અને ગ્લેન મેકગ્રામ (૭૧)એ વન-ડે ક્રિકેટ વિશ્વકપમાં મો. શમીથી (૫૫)થી વધારે વિકેટ ઝડપી છે.

# તબેટ અંગે ચીનનો નવો પ્રચાર શા માટે ભારત માટે ચિંતાનો વિષય છે?

**ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના નેતૃત્વમાં તિબેટના વિકાસને દર્શાવતા તેના તાજેતરના ‘વ્હાઈટ પેપર’માં બેઈજિંગે તિબેટનો ‘ઝિઝાંગ’ તરીકે ઉલ્લેખ કરવાનું શરૂ કર્યું છે**

(એજન્સી) તા.૧૬

હિમાલયમાં ભારતની ઉત્તરીય સરહદને ચીન સાથેની જગ્યાએ ‘તિબેટ સાથેની સરહદ’ કહેવાની નવી દિલ્હીના પાવર કોરિડોરમાં ચર્ચા વચ્ચે, બેઈજિંગે તિબેટને ‘ઝિઝાંગ’ તરીકે ઓળખવાનું શરૂ કર્યું છે. તિબેટમાં પોતાને મજબૂત કરવા માટે ચીન દ્વારા તાજેતરના ‘વ્હાઈટ પેપર’માં ‘સીપીસી પોલિસીઝ ઓન ધ ગવર્નન્સ ઓફ ઝિઝાંગ ઈન ન્યુ એરાઃ એપ્રોચ એન્ડ અચીવમેન્ટ્સ’ શીર્ષકમાં પ્રકાશિત કરવામાં આવ્યો હતો, જે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ દ્વારા તિબેટમાં થયેલા વિકાસની રૂપરેખા દર્શાવે છે. ચીની કોમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી) ગૃહયુદ્ધમાં જીત્યાના એક વર્ષ પછી, ૧૯૫૦માં ચીન દ્વારા તિબેટને જોડવામાં આવ્યું હતું. દલાઈ લામા ૧૯૫૯માં ભારત ભાગી ગયા હતા. તેઓ તિબેટના આધ્યાત્મિક નેતા રહ્યા છે. ભારતમાં ચીનના નિરીક્ષકો માને છે કે બેઈજિંગ ૧૯૫૦થી તિબેટ ઉપર પ્રચાર કરી રહ્યું છે જ્યારે તેની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)એ તિબેટમાં કૂચ કરી હતી. તેઓ માને છે કે તિબેટને બદલે ઝિઝાંગ નામનો ઉપયોગ કરીને ચીન આ પ્રદેશ ઉપર પોતાની મહોર લગાવી રહ્યું છે અને તિબેટની સાંસ્કૃતિક ઓળખને ભૂંસી નાખવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ બધું તિબેટમાં ચીનની ભાવિ યોજનાઓ મુજબ સુસંગત તરીકે જોવામાં આવે છે. નવી દિલ્હી સ્થિત એક નિરીક્ષકે જણાવ્યું હતું કે, ચીન અરુણાચલ પ્રદેશને ઝિઝાંગનો એક ભાગ તરીકે ઓળખાવતું હોવાથી ભારત માટે તેની ગંભીર સુરક્ષા અસરો થઈ શકે છે. અધિકારીઓ દાવો કરે છે કે ચીનની સ્ટેટ કાઉન્સિલ દ્વારા ૧૦ નવેમ્બરના રોજ બહાર પાડવામાં આવેલ તિબેટ ઉપર નવીનતમ ‘વ્હાઈટ પેપર’માં, તિબેટની પરિસ્થિતિ અંગે છબી રજૂ કરે છે. શી જિનપિંગના નેતૃત્વ હેઠળ તિબેટના ડેટા દર્શાવવામાં આવ્યા છે અને આ ‘વ્હાઈટ પેપર’ તિબેટમાં પાર્ટી-રાજ્યના મુખ્ય કાર્યસૂચિ ઉપર મૌન છે, જેમ કે વસાહતી બોર્ડિંગ સ્કૂલ સિસ્ટમ અને મોટા પાયે સ્થાનાંતરણ કાર્યક્રમોની તિબેટીયન લોકો અને તેમની સંસ્કૃતિ ઉપર જબરદસ્ત અસર પડી છે. નિરીક્ષકો કહે છે કે તિબેટ ઉપરનું આ ‘વ્હાઈટ પેપર’ ૧૯૫૦ના દાયકામાં તિબેટ પ્રત્યે માઓ ઝેડોંગ (પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાના સ્થાપક)ના અભિગમ જેવું જ છે. ૧૯૫૧માં, ઝાંગ જિંગવુ અને ઝાંગ ગુઓહુઆની આગેવાની હેઠળની સીસીપી તિબેટ વર્ક કમિટીએ અહેવાલ આપ્યો કે, સમાજવાદી પરિવર્તનની ઉચ્ચ ભાવના દેશમાં છે અને તિબેટના પડોશી લઘુમતી વિસ્તારો તમામ લોકશાહી સુધારાઓ હાથ ધરવાની તૈયારી કરી રહ્યા છે. તિબેટના વિકાસ અને તિબેટીઓ કેવી રીતે ‘ઝિઝાંગ’માં સમૃદ્ધિનો આનંદ માણે છે તે અંગેના અનેક શ્વેતપત્રોમાં જે અહેવાલ આપવામાં આવી રહ્યો છે તેના જેવું જ આ શ્વેતપત્ર છે. દલાઈ લામા ભારતમાં આશ્રય લેશે એવું લગતા CCP નેતૃત્વએ તેમને પાછા બોલવવાનો પ્રયાસ કર્યો હતો. પ્રીમિયર ઝાઉ એનલાઈએ ૧૯૫૬-૫૭માં ભારતનો પ્રવાસ કર્યો અને દલાઈ લામા સાથે મુલાકાત કરીને તેમને લ્હાસા પાછા ફરવા સમજાવ્યા. તે મીટિંગો દરમ્યાન ઝાઉ એનલાઈએ દલાઈ લામાને વચન આપ્યું હતું કે તિબેટમાં તેમના પરામર્શ વિના સુધારાઓ કરવામાં આવશે નહીં. તેમણે એ પણ વચન આપ્યું હતું કે બીજી પંચવર્ષીય યોજના દરમ્યાન કોઈ સુધારા કરવામાં આવશે નહીં. ચાઈનીઝ વિદ્વાન ચેન જિયાને તેમના ૨૦૦૬ના જર્નલ ઓફ કોલ્ડ વોર સ્ટડીઝ માટેના લેખમાં દસ્તાવેજીકૃત કર્યા મુજબ, માઓ અને તેમના સાથી CCP નેતાઓએ લશ્કરી કામગીરીને અત્યાધુનિક રાજદ્વારી અને ‘યુનાઈટેડ ફ્રન્ટ’ કામ સાથે જોડવાનું શરૂ કર્યું હતું. ઘણા દેશનિકાલ કરાયેલા તિબેટીયનોએ શી જિનપિંગ ઉપર ધાર્મિક દમન અને તેમની સંસ્કૃતિને ખતમ કરવાનો આરોપ લગાવ્યો છે. પરિણામે, તેના ઘણા વિરોધો થયા છે, આમ તિબેટનો મુદ્દો બેઈજિંગ માટે ખૂબ જ સંવેદનશીલ છે. તે જોવાનું રસપ્રદ રહેશે કે ચીનની આ વાર્તાની અન્ય દક્ષિણ એશિયાના દેશોમાં કેવી અસર થાય છે.

# ગાઝામાં અંદાજે ૨૫ હજાર બાળકો હવે અનાથ છે

(એજન્સી) તા.૧૬

સમાચાર મુજબ ગાઝાના શરૂઆતી આંકડાઓથી સંકેત મળે છે કે ઘેરાયેલ વિસ્તારમાં ઈઝરાયેલના નરસંહાર બોમ્બમારા અભિયાનના પરિણામ સ્વરૂપ ગાઝામાં ૨૪૦૦૦-૨૫૦૦૦ પેલેસ્ટીની બાળકો અનાથ થયા છે. સત્તાવાર સમૂહના પ્રાથમિક રિપોર્ટમાં આ વાત ઉપર પ્રકાશ નાખવામાં આવ્યો છે કે ઈઝરાયેલના બોમ્બના પરિણામ સ્વરૂપ ૧૦,૦૦૦ બાળકો મૃત્યુ પામ્યા છે. જયારે લગભગ ૨૫,૦૦૦ બાળકોએ પોતાના માતા-પિતા ગુમાવ્યા છે. લગભગ ૬,૪૦,૦૦૦ બાળકોએ પોતાના ઘર ગુમાવી દીધા છે. કારણ કે તે કાં તો આંશિક રીતે અથવા સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા હતા, જેનાથી તે બેઘર થઈ ગયા હતા. તે ઉપરાંત અનેક હજારો બાળકોનું ભવિષ્ય અત્યારે પણ અજાણ છે કારણ કે ઈઝરાયેલી હુમલાઓ દરમ્યાન ગાઝાપટ્ટીમાં ૨૧૭ સ્કૂલોને નુકસાન થયું છે. જેનાથી પટ્ટીમાં શિક્ષણ પ્રક્રિયા ગંભીર રીતે પ્રભાવિત થઈ છે. યુરો-મેડ મોનિટરે જણાવ્યું કે ગાઝાપટ્ટી ઉપર ઈઝરાયેલના ભીષણ હવાઈ અને તોપખાનામાં હુમલાઓમાં અત્યાર સુધી ૨૩,૦૧૨ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે, જેમાં ૯,૦૭૭ બાળકો પણ સામેલ છે. જો કે અનેક વધારાના બાળકો નષ્ટ થયેલ ઈમારતોના કાટમાળમાં ફસાયેલા છે અને તેમના બચવાની ખુબ જ ઓછી સંભાવના છે, માટે બાળકોના મૃત્યુની કુલ સંખ્યા ૧૦,૦૦૦થી વધુ થવાની સંભાવના છે.

### ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાના સ્પર્ધકો માટે ખુશીના સમાચાર

# ગુજરાત સરકારે ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાની ઈનામી રાશિમાં ૪ ગણો વધારો કર્યો

## અખિલ ભારત ગિરનાર આરોહણ - અવરોહણ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવનારને ૫૦,૦૦૦ ને બદલે રૂા.૧ લાખ અને રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવનારને રૂા.૭૦૦૦ ને બદલે ૫૦,૦૦૦નો રોકડ પુરસ્કાર

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રમત ગમત મંત્રી હર્ષ સંઘવીની સ્પર્ધકોને ભેટ : સ્પર્ધકોનો ઉત્સાહ વધશે

જૂનાગઢ તા.૧૬

ગુજરાત સરકારે ખૂબ કઠિન ગણાતી ગિરનાર અવરોહણ સ્પર્ધાની ઈનામી રાશિમાં ખૂબ મોટો વધારો કર્યો છે. ચાર વયજૂથમાં યોજાતી રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટેના પુરસ્કારમાં ચાર ગણો વધારો કરવામાં આવ્યો છે. એટલે કે, રાષ્ટ્રીય કક્ષાની ૪ વયજૂથની સ્પર્ધામાં ૧ થી ૧૦ સુધીમાં ક્રમાંક મેળવનારને અગાઉ કુલ ૫.૫૦ લાખના આપતા, હવે કુલ ૧૯ લાખની ઈનામી રાશિ અપાશે. તેવી જ રીતે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં કુલ ૬૬,૦૦૦ની પુરસ્કાર રાશિ વધારીને રૂા. ૮,૪૦ લાખ કરવામાં આવી છે.

| અખીલ ગુજરાત ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા | | | અખીલ ભારત ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા | | |
|---|---|---|---|---|---|
| વિજેતા ક્રમ | અગાઉ આપવામાં આવતી પુરસ્કારની રકમ | નવી ઇનામી રોકડ પુરસ્કાર | વિજેતા ક્રમ | અગાઉ આપવામાં આવતી પુરસ્કારની રકમ | નવી ઇનામી રોકડ પુરસ્કાર |
| ૧ | ૭,૦૦૦/- | ૫૦,૦૦૦/- | ૧ | ૫૦,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- |
| ૨ | ૩,૦૦૦/- | ૪૦,૦૦૦/- | ૨ | ૨૫,૦૦૦/- | ૮૫,૦૦૦/- |
| ૩ | ૨,૦૦૦/- | ૩૦,૦૦૦/- | ૩ | ૧૫,૦૦૦/- | ૭૦,૦૦૦/- |
| ૪ | ૧,૦૦૦/- | ૨૦,૦૦૦/- | ૪ | ૧૨,૫૦૦/- | ૫૫,૦૦૦/- |
| ૫ | ૧,૦૦૦/- | ૨૦,૦૦૦/- | ૫ | ૧૦,૦૦૦/- | ૪૦,૦૦૦/- |
| ૬ | ૫૦૦/- | ૧૦,૦૦૦/- | ૬ | ૫,૦૦૦/- | ૨૫,૦૦૦/- |
| ૭ | ૫૦૦/- | ૧૦,૦૦૦/- | ૭ | ૫,૦૦૦/- | ૨૫,૦૦૦/- |
| ૮ | ૫૦૦/- | ૧૦,૦૦૦/- | ૮ | ૫,૦૦૦/- | ૨૫,૦૦૦/- |
| ૯ | ૫૦૦/- | ૧૦,૦૦૦/- | ૯ | ૫,૦૦૦/- | ૨૫,૦૦૦/- |
| ૧૦ | ૫૦૦/- | ૧૦,૦૦૦/- | ૧૦ | ૫,૦૦૦/- | ૨૫,૦૦૦/- |
| કુલ | ૧૬,૫૦૦/- | ૨,૧૦,૦૦૦/- | કુલ | ૧,૩૭,૫૦૦/- | ૪,૭૫,૦૦૦/- |
| ચાર વયજુથ | (૧૬,૫૦૦ * ૪) ૬૬,૦૦૦/- | (૨,૧૦,૦૦૦ * ૪) ૮,૪૦,૦૦૦/- | ચાર વયજુથ | (૧,૩૭,૫૦૦ * ૪) ૫,૫૦,૦૦૦/- | (૪,૭૫,૦૦૦ * ૪) ૧૯,૦૦,૦૦૦/- |

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રમત ગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ દેશ અને રાજ્યમાંથી આવતા સ્પર્ધકોને મોટી ભેટ આપી છે, જેથી સ્પર્ધકોને પ્રોત્સાહન મળવાની સાથે તેમનો ઉત્સાહ પણ વધશે. ઉલ્લેખનીય છે કે, જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ રાજ્ય સરકારમાં ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાના પુરસ્કારમાં વધારો કરવા માટે રજૂઆત કરી હતી. આમ, તેમની રજૂઆતને પણ સફળતા મળી છે.

અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવનારને ૫૦,૦૦૦ જગ્યાએ રૂા.૧ લાખ અને રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવનારને રૂા.૭૦૦૦ જગ્યાએ ૫૦,૦૦૦નો રોકડ પુરસ્કાર આપવામાં આવશે.આ પુરસ્કાર રાશીના વધારાનો લાભ આગામી સમયમાં યોજાનાર સ્પર્ધામાં મળશે.

ગુજરાત રાજ્યના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા અને જુનાગઢ જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી ભારતના યુવક અને યુવતીઓ માટેની અખિલ ભારત તેમજ અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાનું આયોજન



હાથ ધરવામાં આવે છે. આ વર્ષે રાજ્યકક્ષાની સ્પર્ધા તા.૭ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ તેમજ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા તા.૪ ફેબ્રુઆરી-૨૦૨૪ના રોજ યોજાશે. માટેની પૂર્વ તૈયારીઓ કલેકટર શ્રી અનિલકુમાર રાણાવાસિયાના માર્ગદર્શનમાં કરવામાં આવી રહી છે. કલેકટરશ્રીએ પણ રાજ્ય સરકારના આ નિર્ણયને આવકાર્યો હતો. તેમજ અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ અને રાજ્યકક્ષાની સ્પર્ધાને નવી ઉંચાઈ મળવાની સાથે સ્પર્ધકોના ઉત્સાહમાં વધારો થશે.

# મેંદરડાના અમરગઢ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું સ્વાગત

## યોજનાકિય લાભો અને સેવાઓનો લાભ લેતા ગ્રામજનો



જૂનાગઢ તા.૧૬

મેંદરડા તાલુકાના અમરગઢ ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા નું ગ્રામજનોએ સ્વાગત કર્યું હતું આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં કેન્દ્ર રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવાની સાથે તેના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પશુપાલન, ખેતીવાડી, આરોગ્ય, બેંક આઈસીડીએસ, વાસ્મો સહિતના વિભાગના અધિકારી કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા અને ગ્રામજનોને પ્રજાલક્ષી યોજનાઓનો લાભ લેવા માટે પ્રેરિત કર્યા હતા. આ તકે હેલ્થ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ૧૧૦ જેટલા ગ્રામજનોએ લાભ લીધો હતો. ધરતી કહે પુકાર કે નાટકના મધ્યમથી ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે સામાન્ય જ્ઞાનના વસ્તુ વિષય વસ્તુને આવરી લઈ ક્વીઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમજ મેરી કહાની મેરી જૂબાની અંતર્ગત સરકારી યોજનાના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. આ પ્રસંગે અગ્રણી સર્વશ્રી દીપકભાઈ મકવાણા, વિજયભાઈ પાનસુરીયા, દિલીપભાઈ સોંદરવા, ગામના સરપંચ શ્રી ચંદ્રાબેન ખુમાણ, ઉપસરપંચ કારીબેન બાખલખીય, જિલ્લા જમીન દફતર નિરીક્ષક શ્રી ગુંદીગરા, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી શ્રી સંદીપ ગજેરા, આંકડા મદદનીશ શ્રી મયુર મકવાણા સહિત જુદા જુદા વિભાગના અધિકારી કર્મચારી અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં ૮ થી ૧૩ વયના બાળકો માટે ખડક ચઢાણ તાલીમ-એડવેન્ચર કોર્ષ ૨૦૨૩-૨૪ યોજાશે

જૂનાગઢ તા. ૧૬

રાજય સરકારના રમત ગમત, યુવા અને સાંસ?કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અને કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત જિલ?લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ સામાન્ય, અનુસુચિત જાતિ તથા અનુસુચિત જન જાતિના બાળકો તથા યુવક યુવતીઓ માટે ખડક ચઢાણ તાલીમ/એડવેન્ચર કોર્ષ વર્ષ ૨૦૨૩-૨૪ હાથ ધરવામાં આવનાર છે.

જે અન્વયે ૮ થી ૧૩ વર્ષના બાળકો (સામાન્ય) માટે એડવેન્ચર કોર્ષ, અનુસુચિત જાતિના ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે એડવેન્ચર કોર્ષ, અનુસુચિત જન જાતિના ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે ખડક ચઢાણ બેઝીક તાલીમ કોર્ષ, અનુસુચિત જન જાતિના ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે એડવેન્ચર કોર્ષનું વિવિધ તબક્કાવાર આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ કોર્ષમાં ભાગ લેવા માટે ઈચ્છુક ઉમેદવારોએ નિયત નમુનાના ફોર્મ સાથે આધારકાર્ડની નકલ અને અન્ય જરૂરી પ્રમાણપત્રો, આધારપુરાવાની નકલ જોડી કચેરી સમય દરમિયાન તા.૦૧/૦૧/૨૦૨૪ સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ૧/૧ બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ – ૩૬૨૦૦૧ ખાતે મોકલી આપવાના રહેશે. ઉપરોકત કોર્ષના ફોર્મ **Dydo Junagadh** ફેસબુક આઈ.ડી. પરથી મેળવી શકાશે.

# માંગરોળમાં તૃપ્તિ બહેન દેવેનભાઈ ડોડીયા દ્વારા માં સંતોષી નગરમાં શ્રી રામ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિતે નવતર આયોજનો

(નિલુ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૧૬

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે શ્રી રામ જન્મ સ્થાન પર શ્રી રામ મંદિર નો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ થવા જઈ રહ્યો છે ત્યારે માંગરોળ નગર માં બાયપાસ પર આવેલી સોસાયટી માં એક સામાજિક ખુબજ નિસ્વાર્થ સેવાભાવી પરિવાર ના

શ્રીમતી તૃપ્તિ બહેન ડોડીયા દ્વારા નાના નાના બાળકો માં ધર્મ સંસ્કાર જાગૃતિ અર્થે ખુબજ સુંદર પ્રયાસો કરવામાં આવી રહયા છે. જેમાં તેમના સમગ્ર પરિવાર દ્વારા સાથ અને સહકાર પણ ખુબજ મળી રહ્યો છે.

આ સેવાભાવી પરિવાર દ્વારા પોતાના ઘરે જ નિત્ય ૨૨ તારીખ સુધી ઘર પર દરરોજ ૧૫ મિનિટ પોતાના પરિવાર તેમજ સોસાયટી ના નાના નાના બાળકો સાથે શ્રી રામધૂન કરવા નું સુંદર આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સેવાભાવી પરિવાર નો નિવાસ માંગરોળ ના ગાયત્રી નગર સોસાયટી ની સામે ની સોસાયટી કે જે સંતોષી નગર સોસાયટી છે.ત્યાં આવીરીતે નિસ્વાર્થ ભાવે સત્કાર્યો કરવામાં આવી રહ્યું છે. આપરિવાર દ્વારા



હિન્દુ ધર્મ ના દરેક ધાર્મિક તહેવારો ગણપતિ સ્થાપના,નવરાત્રી,જન્માષ્ટમી, રામનવમી સહિત દરેક તહેવારો ની ભાવભેર ઉજવણી નાના નાના બાળકો સાથે ખુબજ સુંદર આયોજન સાથે ઉજવવામાં આવે છે જે ખરેખર હિન્દૂ ધર્મ માટે એક સમાજને રાહ ચીંધતુ ખુબજ ઉત્તમ ઉદાહરણ છે.

આપરિવાર દ્વારા એક મંત્ર અભિયાન શ્રી રામ મંત્ર નો જાપ નું લેખન નાના બાળકો તેમજ એમના પરિવાર જનો દ્વારા ઉત્સાહ થી આ અભિયાન ને પણ વધાવી લીધેલું છે. આ અભિયાન માં માંગરોળ માં જરૂરિયાત મંદ લોકો માટે અનેક સેવાકાર્યો જે ગ્રુપ દ્વારા ચલાવવામાં આવી રહયા છે એ વંદમાતરમ ગ્રુપ દ્વારા શ્રી રામ મંત્ર નો જાપ નું લેખન કરનારા લોકો ને પેપર પુરા પાડવા ની જવાબદારી પણ નિભાવી રહ્યું છે. આ સેવાભાવી પરિવાર દ્વારા નિસ્વાર્થ ભાવે નાના બાળકો મા સંસ્કાર સાથે હિન્દૂ ધર્મ ની પૌરાણિક જાણકારી પણ બાળકો ને મળી રહે એવા પ્રયાસો આ દ્વારા કરવામાં આવી રહયા છે.

# જૂનાગઢ ડો.સુભાષ યુનિ. ખાતે પી.જી.વી.સી.એલ. દ્વારા ઉર્જા બચાવો જાગૃતિ સેમિનાર યોજાયો

## વિજ સુરક્ષાની સાથે કોલેજમાં અભ્યાસ કરતા છાત્રોને પર્યાવરણ સંવર્ધન બાબતે આપી જાણકારી




જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ પીજીવીસીએલ દ્વારા ડિસેમ્બરના ત્રીજા વિક ને ઉર્જા સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે. ઉર્જા બચત અને વીજ સલામતી ના ભાગ રૂપે આજ રોજ ડો. સુભાષ યુનિવર્સિટી ખાતે કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે જાગૃતિ સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમને દિપ પ્રાગટ્યથી પ્રારંભ કરાવી ડો. સુભાષ કેમ્પસનાં ચેરમેનશ્રી રાજ ચાવડાએ જણાવ્યુ હતુ કે ઉર્જા તો સમગ્ર જીવસૃષ્ટીનું ચાલક બળ છે. તેનો સંચય કરવાથી આપણાં પર્યાવરણની જાળવણી તો થાય છે. સાથે વિજબચતથી આર્થિક પણ લાભ રહે છે. આજે પશ્ચિમ ગુજરાત વિજ કંપની દ્વારા ઉજા બચત અને વીજ સલામતિ અંગે જે સેમિનાર છેતેના દ્વારા કોલેજ કક્ષાએ અભ્યાસરત છાત્રો આ સંદેશાને ઘર ઘર સુધી વહન કરી એક લોકજાગૃતિનાં વાહક બનશે.

આ પ્રસંગે ડો. સુભાષ કેમ્પસનાં ડો. દિપક પટેલે પ્રાસંગિક વાત કરતા જણાવ્યુ હતુ કે માનવજીવન પર્યાવરણને અનુસરે છે. માનવ સંસ્કૃતિના વિકાસમાં કુદરતનો મહત્વનો ફાળો રહ્યો છે.

પી.જી.વી.સી.એલ.નાં કાર્યપાલક ઈજનેર બી.બી. માણાવદરીયા અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી વી.એલ.ભીમાણી શ્રી ભિમાણીએ જણાવ્યુ હતુ કે સમગ્ર સૃષ્ટી પર્યાવરણને આભારી છે. આ બાબત માનવી સારી પેઠે જાણતો હોવા છતાં તે પર્યાવરણનો બેફામ ઉપયોગ કરે છે. ઊર્જાનો અણઘડ વપરાશ કરે છે ત્યારે ઉર્જા બચત અને પર્યાવરણનું જતન એ માનવીની નૈતિક જવાબદારી છે. ભારતીય નાગરીકો માટે તો એ ફરજ પણ છે. ડો. સુભાષ યુનિ.ની નર્સીંગ કોલેજનાં વિદ્યાર્થિઓને ઊર્જા બચત અંગે વિસ્તૃત જાણકારી આપતા નાયબ ઈજનેર શ્રી જયેશ માલવીએ જણાવ્યુ હતુ કે ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના સિધ્ધાંત અનુસાર માનવીની ઉત્પત્તિ કુદરતના તત્વોમાંથી થઈ છે. દરેક જીવ પછી ભલે તે માનવી હોય કે પશુ-પંખી કે જીવ-જંતુ દરેક પોતાનું જીવન ટકાવી રાખવા માટે કુદરતી સંસાધનોનો જ ઉપયોગ કરે છે. કુદરતી સંસાધનોનો ઉપયોગ કરીને માનવી તેની સુખ સુવિધાઓ તથા ભૌતિક સગવડોમા વધારો કરે છે.આમ સમગ્ર સૃષ્ટી પર્યાવરણને આભારી છે. આ બાબત માનવી સારી પેઠે જાણતો હોવા છતાં તે ઊર્જા અને પર્યાવરણનો બેફામ ઉપયોગ કરે છે. વીજળીને સમજીને વપરાશ કરવો વ્યક્તિની જવાબદારી છે. દિન પ્રતિદિન સંશાધનોની ઉપલબ્ધીને કારણે માનવીએ ઉર્જા કરકસરથી ઉપયોગ કરવા સાથે :ર્જા સલામતિ અંગે જાગૃતિ કેળવીને પર્યાવરણનું સંવર્ધન કરવુ જોઈએ. આજે ઉર્જા વપરાશ વધતા પ્રકૃતિનું જતન કરતાં પતન વધુ થતું હોય એવુ લાગે ત્યારે હાલમાં સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિગની સમસ્યાથી પીડીત છે જો આ ગ્લોબલ વોર્મિંગની વિટંબણામાંથી બહાર આવવુ હશે તો ઉર્જા સંચય એ અકસીર ઈલાજ બની રહેશે.

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી પ્રકાશ મૈયડે સેમિનાર અંગે વિગતો આપતા જણાવ્યુ હતુ કે જૂનાગઢ પીજીવીસીએલ દ્વારા ડિસેમ્બર ના ત્રીજા સપ્તાહને ઉર્જા સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે ઉર્જા બચત અને વીજ સલામતી ના ભાગ રૂપે આજ રોજ મુખ્ય માર્ગો પર જાગૃતિ રેલી યોજી જેમાં વીજકર્મી ભાઈ-બહેનોએ ઉર્જાબચત અંગે લોકોને સમજુત કર્યા હતા. જનજાગૃતિ માટે ટેમ્પ્લેટ નું વિતરણ કરવામાં આવ્યું હતું સાથે શેરી નાટકનાં માધ્યમથી વિજ સલામતિ, સ્માર્ટ મીટરનાં કારણે આવનાર સમયમાં વિજ નિયમન અને ગ્રાહક જાગૃતિ અંગે સંદેશાનું વહન કર્યુ હતુ. ડો.સુભાષ યુનિ. ખાતે કોલેજ કેમ્પસનાં નિયામક તથા નર્સીંગ કોલેજનાં ડો. સવિતાબેન વ્યાસનાં સહયોગથી વિજ બચાવો, વિજ સલામતિ અને સ્માર્ટમીટર અંગે યોજાયેલ જાગૃતિ સેમિનારમાં કોલેજનાં છાત્રો અમારા સંદેશાને ઘર ઘર સુધી પહોંચતો કરશે તેવો અમારો વિનમ્ર પ્રયાસ રહ્યો છે.

# જૂનાગઢ પીજીવીસીએલ શહેર ડીવીઝન દ્વારા જીઆઈડીસી ખાતે ઉર્જા સંરક્ષણ સેમિનાર યોજાયો



જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ પીજીવીસીએલ શહેર ડીવીઝન દ્વારા જીઆઈડીસી ખાતે ઉર્જા સંરક્ષણ સેમિનાર યોજાઇ ગયો સેમિનારના અધ્યક્ષ કાર્યપાલક ઈજનેર બી.બી. માણાવદરીયા,નાયબ ઈજનેર જયેશ કે માલવી, નાયબ ઈજનેર વી. એલ. ભીમાણી, નાયબ ઈજનેર શ્રી એમ એન મંડોરા, નાયબ ઈજનેર શ્રી કે એસ રાઠોડ, નાયબ ઈજનેર શ્રી જે જે માણાવદરીયા, જુનિયર ઈજનેરો તેમજ જીઆઈડીસી એસોસિયેશનના પ્રમુખ શ્રી ભરતભાઈ સિરોયા, ઉપ પ્રમુખ ભરતભાઈ જે સાવલિયા તેમજ જીઆઈડીસી એક તેમજ બે એમ બન્ને વીભાગનાં અલગ અલગ કારખાના ના માલિકો ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે પીજીવીસીએલનાં તજજ્ઞો દ્વારા ઉર્જા બચત અને ઊર્જા સંરક્ષણ અને વિજ સલામતિ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. સાથો સાથ કારખાનેદારશ્રીઓ સાથે ઊર્જા સંરક્ષણ ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# Happy Birth Day .....

48th Year સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનો આજે ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ

જૂનાગઢનાં લોકપ્રિય અખબાર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની સ્થાપનાને ૪૭ વર્ષ સફળ રીતે પૂર્ણ થયા છે અને આજરોજ ૪૮ વર્ષમાં મંગલ પ્રારંભ થયો છે. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની વિકાસ યાત્રા કાર્તિકભાઈ ઉપાધ્યાયનાં સીધા માર્ગદર્શન હેઠળ સતત આગળ ધપી હતી. અને જૂનાગઢ શહેર જીલ્લાનું અગ્રીમ અખબાર તેમજ સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં પણ આ અખબાર લોકભોગ્ય બન્યું છે. અને પ્રજાનાં અવાજનો ધબકાર બની ગયેલા સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્રની વિકાસ કૂચ અણનમ જારી છે. આજે આ અખબાર ૪૮ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહયું છે ત્યારે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં નવયુવાન તંત્રી અભીજીત ઉપાધ્યાય દ્વારા કાર્તિકભાઈએ કંડારેલી કેડી પર સદાય મકકમપણે ચાલવાનો દ્રઢ નિર્ધાર અને વિશ્વાસ છે.

તા.૧૬-૧૨-૧૯૭૬નાં રોજ જૂનાગઢ ખાતે દૈનિક સ્વરૂપે સૌરાષ્ટ્ર ભૂમિ અખબારનો પ્રારંભ થયો હતો. છેલ્લા સાડા ચાર દાયકા કરતા વધુની મંજીલ કાપીને સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક હવે તેની અખબારી સફરનાં પાંચ દાયકા પૂર્ણ કરવા તરફ આગળ વધી રહયું છે. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં આદ્યસ્થાપક સ્વ. ગજેન્દ્રભાઈ ઉપાધ્યાયનાં આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ સ્થાપક તંત્રીશ્રી કાર્તિકભાઈ ઉપાધ્યાય દ્વારા સખત મહેનત, સુયોગ્ય આયોજન અને સમાજનાં તમામ વર્ગનાં લોકોનાં સહયોગથી સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની વિકાસ યાત્રા અવિરત ચાલી રહી છે. આ પ્રગતિ પંથને વધુ આગળ ધપાવતા જનતા જનાર્દન અને સુજ્ઞ વાંચકોનાં અમે આભારી છીએ. વર્તમાન સમયમાં અખબાર ચલાવવું એક અત્યંત કઠિન અને પાણીના સામા પ્રવાહમાં તરવા જેવું ભગીરથ કાર્ય ગણાય છે. તેમ છતાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પરીવારે જનતા જનાર્દનનાં સહકારથી તેની અવિરત અખબારી સફર સફળતાપૂર્વક ચાલુ રાખી છે અને ઉત્તરોત્તર સફળતાનાં શિખરો સર કરી રહયું છે. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની જૂનાગઢ આવૃતિ બાદ ગાંધીનગર - અમદાવાદ ખાતે પણ આવૃતિ શરૂ કરવામાં આવી જેને પણ વ્યાપક સ્વીકૃતિ અને આવકાર પ્રાપ્ત થયો છે. આજે પણ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક એક વટવૃક્ષ બની ગયું છે તેમ કહેવાનો અમે ગર્વ અનુભવીએ છીએ અને અમોને સહકાર આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની આ અખબારી સફરમાં કાર્યાલય પરીવારનાં સભ્યો, એજન્ટ મિત્રો અને અખબાર વિક્રેતાઓ અને વિજ્ઞાપન દાતાઓએ અમોને સહકાર આપ્યો છે તેનાં અમે આભાર સાથે નોંધ લઈએ છીએ. ભવિષ્યમાં પણ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાતનો ખમીરવંતો અવાજ બનીને ચોથીજાગીર તરીકેની પોતાની ફરજ બજાવવામાં પાછી પાની કરશે નહી તેવી અમે ખાત્રી આપીએ છીએ. આજે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનો ૪૮મો જન્મદિવસ નિમિત્તે સહકાર આપનાર સૌનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

તંત્રી : અભિજીત ઉપાધ્યાય
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
(જૂનાગઢ આવૃતિ તથા ગાંધીનગર આવૃતિ)

# મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૪ની પ્રિ-ઈવેન્ટ ‘લિવેબલ સિટીઝ ઓફ ટુમોરો’ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિ

## ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર અને સુરત જેવા શહેરો આદર્શ શહેરની પરિભાષાને સાચા અર્થમાં ચરિતાર્થ કરી અન્ય શહેરોને પ્રેરણા આપે છે: કેન્દ્રીય રાજ્યમંત્રી કૌશલ કિશોર




(પ્રતિનિધી દ્વારા) ગાંધીનગર તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, પ્રગતિ અને પર્યાવરણ બેયને સાથે રાખીને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ દ્વારા સિટીઝ ઓફ ટુમોરો આજના સમયની માંગ છે.

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધ રૂપે પ્રિ-વાઈબ્રન્ટ સેમીનાર અન્વયે શહેરી વિકાસ વિભાગ આયોજિત ’લિવેબલ સિટીઝ ઓફ ટુમોરો’ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી સંબોધન કરી રહ્યા હતા.

શહેરી બાબતો અને આવાસ નિર્માણના કેન્દ્રીય રાજ્યમંત્રી કૌશલ કિશોર, અર્બન ડેવલપમેન્ટ ક્ષેત્રોના તજજ્ઞો, મહાનગરોના મેયર્સ, કમિશનર અને પદાધિકારીઓ આ સેમિનારમાં સહભાગી થયા હતા.

રાષ્ટ્ર અને રાજયના વધતા વિકાસ સાથે અર્બનાઈઝેશન પણ સતત વધતું રહ્યું છે તેમ મુખ્યમંત્રી એ જણાવ્યું હતું. આ સંદર્ભમાં ભુપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અર્બનાઈઝેશનને ચેલેન્જ નહીં ઓપોર્ચ્યુનિટી તરીકે અપનાવવાનું વિઝન આપ્યું છે. તેમણે ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન રાજ્યના સ્વર્ણિમ જયંતી વર્ષ ૨૦૧૦માં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરાવીને આ ઓપોર્ચ્યુનિટી આપી હતી. તેના પરિણામે આજે ગુજરાતના શહેરો વિશ્વકક્ષાના બન્યા છે તેમ મુખ્યમંત્રી એ ઉમેર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, શહેરોમાં વધતી વસ્તી સાથે કલાયમેટ ચેન્જ અને સંસાધનોની અછત જેવી પ્રાકૃતિક બાબતો, વૈશ્વિક ઘટનાઓની અસર, સામાજિક-આર્થિક સ્થિતિ જેવા પડકારો સામે સસ્ટેઈનેબલ એન્ડ લિવેબલ સિટીઝના ફ્યુચરિસ્ટિક વિઝનથી વડાપ્રધાન ના માર્ગદર્શનમાં શહેરોમાં ઈઝ ઓફ લિવિંગમાં વૃદ્ધિ થઈ છે.

સિટિઝન સેન્ટ્રીક ઓનલાઈન સેવાઓ, સ્માર્ટ પાર્કિંગ થી સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ, સ્માર્ટ ડ્રેનેજ થી સ્માર્ટ વોટર મેનેજમેન્ટ, સ્માર્ટ ચાર્જિંગ થી સ્માર્ટ ઈ-મોબિલિટી જેવા આયામો શહેરી જનજીવનમાં સકારાત્મક બદલાવ લાવનારા બન્યા છે એમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શહેરોને ગ્રીન-ક્લીન સિટી બનાવવા અર્બન ફોરેસ્ટ કોન્સેપ્ટ,‘-૨૦ નું સફળ આયોજન, સ્વચ્છ શહેરોના નિર્માણ સાથે વધુ આધુનિકતા જોડીને ભવિષ્ય માટે જરૂરી સસ્ટેઈનેબલ અર્બન ડેવલપમેન્ટ માટે ગુજરાત ફ્યુચર રેડી થઈ રહ્યું છે તેની છણાવટ મુખ્યમંત્રી એ કરી હતી.

તેમણે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતની વડાપ્રધાન ની નેમ પાર પાડવામાં સસ્ટેઈનેબલ અને લિવેબલ સિટીઝની ભૂમિકા મહત્વની બનશે તેમ જણાવતાં આ પ્રિ-વાઈબ્રન્ટ કોન્ફરન્સનો નિષ્કર્ષ શહેરોને લિવેબલ અને લવેબલ બનાવવામાં ઉપયુક્ત નીવડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર-મહાત્મા મંદિર ખાતે આ પ્રિ-વાઈબ્રન્ટ સેમીનારનો કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના રાજ્ય મંત્રી કૌશલ કિશોરે શુભારંભ કરાવ્યો હતો.

કેન્દ્રીય રાજ્ય મંત્રી કૌશલ કિશોરે ગુજરાતને વિકાસનું આદર્શ મોડલ ગણાવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે ગુજરાતના વિકાસ મોડલ થકી દેશના અન્ય રાજ્યોને દિશા આપી હતી. ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર અને સુરત જેવા શહેરો આદર્શ શહેરની પરિભાષાને સાચા અર્થમાં ચરિતાર્થ કરે છે. કેન્દ્રીય રાજ્ય મંત્રી એ વધુમાં કહ્યું હતું કે, શહેરોને આદર્શ અને લીવેબલ બનાવવા માટે પાણી, આરોગ્ય, શિક્ષણ, સ્વચ્છતા અને કચરાના યોગ્ય નિકાલની સુવિધા સહિત પ્રદુષણને ઘટાડવા વધુમાં વધુ વૃક્ષો હોવા ખુબ જ આવશ્યક છે. માત્ર શહેર જ નહિ, સમગ્ર દેશને સ્વચ્છ બનાવવા વડાપ્રધાન એ પદભાર સંભાળતાની સાથે જ સ્વચ્છ ભારત મીશનની શરૂઆત કરાવી હતી, અને પોતે પણ આ અભિયાનમાં જોડાઈને સૌને પ્રેરિત કર્યા હતા. સાથે જ પ્રદુષણને ઘટાડવા માટે પણ તેમણે રીન્યુએબલ એનર્જીના સ્ત્રોત અને ઈલેક્ટ્રિક વાહનોને વધારે પ્રોત્સાહન આપ્યું છે.

મંત્રી એ કહ્યું કે, ભારત સહિત સમગ્ર વિશ્વમાં શહેરીકરણ તેજ ગતિથી વધી રહ્યું છે, ત્યારે શહેરોને પણ તે જ રીતે વિકસાવવા એટલા જ જરૂરી છે. વર્ષ ૨૦૪૭માં વિકસિત ભારતની પરિકલ્પના સાકાર થશે, તે સમયના અનુરૂપ ફ્યુચરીસ્ટીક શહેરોનો વિકાસ કરવા માટે વડાપ્રધાન અત્યારથી જ કામ કરી રહ્યા છે. આજે ભારત વિષની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. આગામી સમયમાં ભારતની અર્થવ્યવસ્થાને ત્રીજા સ્થાને લાવવા દરેક ક્ષેત્રનો વિકાસ થવો એટલો જ જરૂરી છે, જેના માટે ભારત સરકાર કૌશલ્ય વિકાસ, વિકસિત ભારત સંકલ્પ યાત્રા, પ્રધાનમંત્રી સ્વનીધિ યોજના સહિતના પ્રયાસો થઈ રહ્યા છે. મુખ્ય સચિવ રાજકુમારે જણાવ્યું હતું કે, ગુજરાતમાં શહેરોના આયોજનબદ્ધ વિકાસ માટે મ્યુનિસિપલ બોન્ડ, ટેક્સનું યોગ્ય માળખું તેમજ PPP આધારે માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. ગુજરાતની પ્રથમ હેરિટેજ સિટી અમદાવાદ, ફાઈનાન્સ ટેક સિટી-GIFT તેમજ રાજધાની ગાંધીનગર એ આયોજન પૂર્વકના શહેરીકરણનો ઉત્તમ સમન્વય છે. આ સિવાય ગુજરાતમાં ડાયમંડ અને ટેકસટાઈલ સિટી સુરત, SIR- ધોલેરા જેવા આધુનિક શહેરો આગવી ઓળખ ધરાવે છે. આગામી સમયમાં અમદાવાદ સહિત ગુજરાતના મોટા શહેરો નેટ ઝીરોનું લક્ષ્યાંક સિદ્ધ કરે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

મુખ્ય સચિવ એ આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ’વિકસિત ભારત -૨૦૪૭’ ના સંકલ્પને સાકાર કરવાના ધ્યેય સાથે આગામી સમયમાં યોજાનાર ૧૦મી ’વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ -૨૦૨૪’માં જોડાવા સૌ ડેલિગેટસને રાજ્ય સરકાર વતી આમંત્રણ આપ્યું હતું.

સૌને આ કાર્યક્રમમાં આવકારતા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારે જણાવ્યું હતુ કે, ગુજરાત સહિત દેશભરમાં શહેરીકરણ ખૂબ તેજ ગતિથી વધી રહ્યું છે. દર વર્ષે અનેક લોકો રોજગારી સહિતના કારણોસર શહેરોમાં વસવાટ કરતા થયા છે. શહેરોમાં વસ્તી વધારો થતાં ત્યાં તેમની જરૂરિયાત મુજબનું ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવી શહેરોને ‘લિવેબલ‘ બનાવવા ખૂબ જ જરૂરી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનથી ગુજરાતના શહેરોને ફ્યુચરીસ્ટિક બનાવવામાં આવી રહ્યા છે.

આ પ્રસંગે જર્મનીની ગ્લોબલ સોલ્યુશન ઈન્સટિટ્યૂટના ફેલો નિકોલસ બૌચડે ભારતની અધ્યક્ષતામાં યોજાયેલ જી-૨૦ દરમિયાન શહેરી વિકાસ સંદર્ભે થયેલી વિવિધ ચર્ચાઓ અંગે વાત કરી હતી. સાથે જ તેમણે શહેરી વિકાસના વિવિધ પ્રશ્નો અને પાસાઓ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. એક દિવસીય સમિટમાં તજજ્ઞોની ઉપસ્થિતિમાં ડિઝાઈનિંગ લિવેબલ સિટિઝ, ઈમ્પ્લીમેન્ટિંગ લિવેબલ સિટિઝ તેમજ લિવેબિલિટી ઈનિશેટિવ્સ ઈન ગુજરાત વિષયક વિવિધ ટેકનિકલ સત્રો યોજાયા હતા.

અમદાવાદ મહાનરપાલિકાના કમિશનર એમ. થેન્નારસને આભારવિધિ કરી હતી.

આ કાર્યક્રમ દરમિયાન શહેરી વિસ્તારના ધારાસભ્ય ઓ, મહાનગપાલિકાઓના મેયર ઓ, ડેપ્યુટી મેયર ઓ, કમિશનર ઓ, નગરપાલિકાઓના પ્રમુખ ઓ, ગિફ્ટ સિટીના સી.ઈ.ઓ. તપન રે, યુનિસેફ સોશિયલ પોલિસીના ચીફ યુત હ્યુ હી બાન, ચીફ ઓફિસર, કેડાઈના પ્રેસિડેન્ટ શેખર પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

## ગુજરાત ચેમ્પિયન માળીયા હાટીનાનું પ્રખ્યાત બ્રહ્મપુરી દાંડિયા રાસ ગ્રુપ ઓરિશા રાજયમાં ધૂમ મચાવશે



(કમલેશ જોષી દ્વારા) કેશોદ તા.૧૬

માળીયાહાટીનાનું પ્રખ્યાત દાંડિયા રાસ ગ્રુપ ગુજરાત ચેમ્પિયન શ્રી બ્રહ્મપુરી દાંડિયા રાસ ગ્રુપની ટીમ ઓરિસ્સા રાજ્યની સરકાર અને યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગરના નિમંત્રણથી ઓરિસ્સા રાજ્યમાં જઈ રહી છે ઓરિસ્સા રાજ્યમાં પદમપુર સીટી ખાતે પદમપુર ખાતે છ દિવસનો યોજનાના લોક મહોત્સવમાં માળીયાહાટીનાનું પ્રખ્યાત બ્રહ્મપુરી ડાંડિયારાસનું ગ્રુપ તારીખ તા ૧૮ ડીસેમ્બર સુધી મણિયારો રાસ. ઢાલ તલવાર રાસ. પટા બાજીનો રાસ સહિતના કાઠીયાવાડના નામાંકિત અનેક રસોની રમઝાટ બોલાવશે તેમ કિરણભાઈ સિસોદિયા અને હકૂભાઈ જોશીએ એક યાદીમાં જણાવ્યું છે લક્ષદીપ ટાપુ રાજસ્થાન મહારાષ્ટ્ર યુપી. એમ પી ઉત્તર પ્રદેશ સહિતના અનેક રાજ્યોમાં બ્રહ્મપુરી દાંડિયા રાસની ટીમએ અનેક વખત ઉત્સવોમાં ભાગ લીધેલો છે હરીસિહભાઈ. રોહિતભાઈ ઉદયભાઈ કાગડા સહિતના આગેવાનોએ ટીમને ઓરિસ્સા જવા માટે વિદાય આપી છે.

## વંથલીના સોનારડી ગામે રૂા.૨.૩૩ લાખની છેતરપીંડી

(ક્રાઈમ રીપોર્ટર) જૂનાગઢ તા.૧૬

વંથલી તાલુકાના સોનારડી ગામે એક છેતરપીંડીનો બનાવ બનવા પામેલ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર તા.૧૮-૭-૨૩ કલાક ૭થી તા.૧૯-૮-૨૩ કલાક ૭ દરમ્યાન બનેલા બનાવ અંગે ગઈકાલે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. ઈલ્યાસભાઈ જાફરભાઈ પલેજા ગામેતી (ઉ.વ.૨૬)રહે.સોનારડીવાળાએ અમરભાઈ હાજીભાઈ જીકાણી રહે.ડારી તા.વેરાવળ, જી.ગીર સોમનાથ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદીનાં બકરાની કીમત રૂા.૮૩,૦૦૦/- તથા સાહેદ જમનભાઈ અરજણભાઈ ચાવડાની ભેંસોની કીમત રૂપીયા રૂ.૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂા.૨,૩૩,૦૦૦/-ની વેચાતી લઈ જઈ બન્નેને વિશ્વાસમા લઈ ફરી તથા સાહેદ સાથે ઠગાઈ કરવાના ઈરાદે વિશ્વાસ ઘાત કરી છેતરપીંડી કર્યાની ફરીયાદ નોંધાવતા વંથલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાંથી ઝડપાયેલા નકલી ડીવાયએસપીના ઘરેથી રૂા.૨૦.૯૮ લાખ મળી આવ્યા

(અનુ. પાના ૮નું ચાલુ...)

(૧૧) આરોપીએ પોલીસના ખોટા આઈકાર્ડ બનાવવામાં ઉપયોગમાં લીધેલ CPU, (૧૨) આરોપીએ પગાર સ્લીપ તથા બદલી ઓડર તથા નીમણુક ઓડર તથા અપોઈન્ટમેન્ટ લેટર વિગેરે ટાઈપ કરાવેલ તે CPU તથા (૧૩) તેમજ આરોપીએ બરોડા માંજલપુર ખાતે એક ઓફિસ ૮૦૦૦ રૂપિયાના ભાડેથી રાખેલ છે.

આરોપીએ ભોગ બનનાર પાસે કરાવેલ નોકરીની વિગતો જોઈએ તો, મનીષભાઈ જગદીશભાઈ વાજા વાણંદ ઉવ.૪૨ ધંધો.ફોટોગ્રાફી રહે.જુનાગઢ નવા નાગરવાડા વાળા પાસે જુનાગઢ ફેમેલી કોર્ટમાં પટ્ટાવાળા તરીકે નાઈટમાં એક અઠવાડીયુ નોકરી કરાવેલ તેમજ કનકસિંહ વિજુજી સોલંકી રાજપુત ઉવ.૩૭ ધંધો.વેપાર રહે.ગામ કુડેર, તા.જી. સિધ્ધપુર પાટણ વાળાને આરોપીએ પોલીસમાં નોકરી આપી, પોતાના ડ્રાઈવર તરીકે નોકરી કરાવતો હતો. તેમજ ગણેશ વીર્સજનમાં વડોદરા ખાતે બંદોબસ્ત કરાવેલ હતો. જયારે અજીતસિંહ જવાનજી ચૌહાણ રાજપુત ઉવ.૩૬ ધંધો.વેપાર રહે. હાલ પાર્થ રેસીડન્સી વાડીનાથ ચોક બ્લોક નં.૨૪ સિધ્ધપુર પાટણ વાળાને પોલીસ તરીકેની નોકરી આપી પોતાના કમાન્ડોમાં રાખેલ હતો. અને જે જે જગ્યાએ જાય ત્યારે કમાન્ડો તરીકે સાથે લઈ જતો હતો. તેવી વિગતો બહાર આવેલ છે. પોલીસ દ્વારા આરોપીની સઘન પુછપરછ કરવામાં આવી રહી છે.

## દારૂ અંગેના કેસમાં છેલ્લા દોઢેક વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી લેતી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાનાં સીધા માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનના ગુન્હાના નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢી તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની સુચના અન્વયે ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના પો.ઈન્સ. જે.જે.પટેલના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચના પો.સ.ઈ. જે.જે.ગઢવી તથા પો.સ.ઈ. ડી.કે.ઝાલા તથા પો.સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય. દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચ જુનાગઢના પો.હેડ.કોન્સ. આઝાદસિંહ સિસોદીયા તથા ઈન્દ્રજીતસિંહ ઝાલા તથા પેરોલ ફર્લો સ્કોડના પો.કોન્સ. દિપકભાઈ બડવા નાઓને સંયુકતમાં ખાનગીરાહે બાતમી હકિકત મળેલ કે, જૂનાગઢ જિલ્લાના એ ડીવીઝન પો.સ્ટે.ના પ્રોહીબીશનના ગુન્હાના કામે છેલ્લા દોઢેક વર્ષથી નાસતો ફરતો આરોપી સુભાષ ઉર્ફે સંજય પાંચાભાઈ ઘોસીયા રહે,ચંદવાણા તા.માંગરોળ વાળો હાલ તેના ઘરે હોવાની હકિકત મળતા સુભાષ ઉર્ફે સંજય પાંચાભાઈ ઘોસીયા ને ઝડપી લઈ તેને એ ડીવીઝન પોલીસને હવાલે કરી આગળની કાર્યવાહી કરવામાં આવી છે.

### મામલતદાર,જૂનાગઢ(શહેર)ની કોર્ટમાં,
તાલુકા સેવા સદન,સરદારબાગ,જુનાગઢ

નં. જન્મ-મરણ નોંધણી કેસ નં.૦૩/૨૦૨૩

**જાહેર નોટીસ**

પ્રતિ,
શ્રી રાણવા જાનાબેન જીવરાજભાઈ
રહે:- કડીયાવાડ,વણકરવાસ,
દાતાર પોલીસ લાઈન પાછળ,જુનાગઢ. ...અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી,
જન્મ-મરણ નોંધણી વિભાગ,
મહાનગરપાલીકા,જુનાગઢ. ..સામાવાળા

જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રાણવા જાનાબેન જીવરાજભાઈએ તેમનો જન્મ તા.૨૬।૦૪/૧૯૬૬ ના રોજ જુનાગઢ મુકામે ઘરે થયેલ હતો. પરંતુ જેતે સમયે તેઓનાં માતા પિતા ધ્વારા શરતચુકથી અને કાયદાકીય અજ્ઞાનતાથી જુનાગઢ મુકામે મહાનગર પાલિકા કચેરીમાં જન્મનાં રજીસ્ટરમાં તેઓનાં જન્મની નોંધ થયેલ નથી જેથી જન્મની નોંધ કરવા અરજી કરેલ છે. આ અરજીનાં અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન ૩૦ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તારીખ: ૦૮ ,માહે:—ડીસેમ્બર-૨૦૨૩ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો.

મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જૂનાગઢ(શહેર)

ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છની જનતાએ અમારા ઉપર મુકેલા વિશ્વાસની જયોત પ્રગટાવવા બદલ જાહેર આભાર

૪૮ માં વર્ષમાં મંગલ પ્રવેશ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

48th YEAR

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં
૪૮ માં
વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે
ગુજરાત તથા સૌરાષ્ટ્ર-કચ્છની જનતાએ અમારામાં અખૂટ મુકેલા વિશ્વાસ સાથે મન મુકીને સહકાર આપવા બદલ સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર જનતા જનાર્દનનો જાહેર આભાર માને છે....

સમય કે સાથ......!

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક (જૂનાગઢ આવૃતિ)

સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ
: ફોન :
(૦૨૮૫) ૨૬૧૭૦૦૦
મો. ૯૮૨૫૦ ૭૪૭૪૪, ૯૮૯૮૦ ૬૩૦૭૪

Email : saurashtrabhoomi@gmail.com

### વડાલ કાથરોટા રોડ ઉપર

# પુષ્ટિસંસ્કારધામ ખાતે સપ્તદિવસીય શિલાન્યાસ મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી

## ગઈકાલે સંતોની ઉપસ્થિતીમાં વિવિધ કાર્યક્રમો સંપન્ન : રામમંદિર અયોધ્યાથી આવેલ અક્ષત કળશનું કરાયું પુજન







(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢના વડાલ કાથરોટા રોડ ઉપર આવેલા પુષ્ટીસંસ્કારધામ ખાતે સપ્ત દિવસીય શિલાન્યાસ મહોત્સવની ભાવપુર્વક અને ઉત્સાહપુર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. દુર દુરથી આવેલા વૈષ્ણવો આ મહોત્સવમાં સહભાગી બનીને ભાવવિભોર બની રહયા છે. ગઈકાલે શિલાન્યાસ મહોત્સવ અંતર્ગત જુદા જુદા કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમમાં ગિરનાર ક્ષેત્રના સંતોની વિશેષ ઉપસ્થિતી રહી હતી અને અત્યંત મહત્વના આયોજનમાં રામ મંદિર અયોધ્યાથી આવેલ અક્ષત કલશનું પુજનનો કાર્યક્રમ પણ યોજાયો હતો. પુષ્ટીસંસ્કારધામ ખાતે શિલાન્યાસ મહોત્સવ ઉજવણી પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. ગઈકાલે ગિરનારજીની ગોદમાં શિલાન્યાસીત થયેલ પુષ્ટિસંસ્કારધામ ખાતે અગ્રણી સંતો-મહંતોનું ગઈકાલે પધારતા ભાવભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું.

શિલાન્યાસ ફેજ ૧ સમયે પણ ઉપસ્થિત રહેલ વિવિધ સંતો ગઈકાલે શિલાન્યાસના દ્વિતીય ચરણમાં પણ પધારેલ.અખિલ ભારત સાધુ સમાજના પ્રમુખ અને ક્રાંતિકારી સંતશ્રી પૂ. મુક્તાનંદ બાપુ ચ ચાંપરડા ધામ, શ્રી ગૌરક્ષનાથ આશ્રમના પૂ. શેરનાથ બાપુ ચભવનાથૃ, ગોસ્વામી પૂ.શ્રી અભિજીત બાવાશ્રી ચ ધોરાજી ૮, સતાધાર જગ્યાના મહંતશ્રી વિજયબાપુ સહિત અનેક મૂર્ધન્ય સંતગણ મહોત્સવમાં મહેમાન બનેલ. સંતોને પુષ્ટિ સ્કૂલના ભૂલકાઓએ આવકારી ગૌરવની લાગણી અનુભવી હતી. પૂજય ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીએ દાનવીર સહયોગીઓ અને વિશિષ્ટ સહયોગીઓના સન્માન બાદ પ્રથમ પ્રસ્તુતિ શ્રીમદ ભાગવત ‘ નૃત્યનાટિકા થઈ. સમાજમાં કથા સ્વરૂપે અનેક શ્રીમદ ભાગવતજી ના વકતવ્યો સદીઓથી શ્રવણ થઈ રહયું છે. પણ હજારો વૈષ્ણવોએ નૃત્યનાટિકા સ્વરૂપે પ્રથમ વખત માણીને રોમાંચિત થયા હતા. ‘ શ્રી મુદ્રાલયા રેપર્ટરી ગ્રુપ’ ચેન્નઈના કલાકારોની અથાક મહેનતને પ્રત્યક્ષ નિહાળી અભિભૂત થયા હતા.

ગઈકાલે યોજાયેલ કાર્યક્રમમાં રામમંદિર અયોધ્યાથી આવેલ અક્ષત કલશનું પૂજન શ્રીવલ્લભકુળના આચાર્ય પરિવાર શ્રીવ્રજવલ્લભબાવાશ્રી-શ્રીપુણ્યશ્લોકબાવાશ્રીએ તથા ઉપસ્થિત સાધુ ગણે કર્યું ત્યારે ભાવિકોએ તાળીઓથી વધાવી લીધેલ. પૂજય ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીએ માળા અર્પણ કરી આ કુંભને વધાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ વધુ એક કૃતિ ‘ મધુરાધીપતે અખીલમ ’ નું મંચન થયું, જાણે વૃંદાવન અને ગોકુળ-મથુરાનું ભાવજગત સંગીત – નૃત્ય સ્વરૂપે ભજવાતું હતું. ભક્તિ, ભાવ અને ભોજન સાથે સાર્થક દિવસ પૂર્ણ થયો હતો. છેલ્લા બે દિવસ દરમ્યાન યોજાયેલ વિવિધ કાર્યક્રમમાં હજારો વૈષ્ણવો ઉપસ્થિત રહી શિલાન્યાસ મહોત્સવની ઉજવણીમાં સહભાગી બન્યા હતા.

# જૂનાગઢમાંથી ઝડપાયેલા નકલી ડીવાયએસપીના ઘરેથી રૂા.૨૦.૯૮ લાખ મળી આવ્યા






(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢમાંથી ઝડપાયેલી નકલી ડીવાયએસપીના રિમાન્ડ દરમ્યાન તેના ઘરે તપાસ કરતા આરોપીના ઘરેથી મળી આવેલ રોકડ રૂા.૨૦,૯૮,૦૦૦ તેમજ ગુનામાં વપરાયેલી અલગ અલગ ૧૩ જેટલી સાધન સામગ્રી કબ્જે કરવામાં આવી છે.

જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેષ જાંજડીયા તથા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાએ ચીંટીંગ તથા ઠગાઈના ગુન્હાઓમાં મુદામાલ રીકવર કરવા સુચનાઓ આપી હતી. જેના અનુસંધાને તા.૧૧-૧૨-૨૦૨૩ના રોજ જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા જૂનાગઢના એમજી રોડ પરથી ઝડપાયેલ નકલી ડીવાયએસપી વિનીત બંસીલાલ દવે ને પકડી પાડી કોર્ટમાં રજુ કરાતા આરોપીના રીમાન્ડ મંજુર કરવામાં આવેલ છે. રીમાન્ડ દરમ્યાન નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યાના માર્ગદર્શન હેઠળ નકલી ડીવાયએસપીના કેસની તપાસ ઉંડાણપુર્વક કરવા સુચના આપેલ હતી. જેથી આરોપીએ ભોગબનનાર પાસેથી લીધેલ પૈસા તથા ગુન્હામાં ઉપયોગમાં લીધેલ સાહિત્ય તથા અન્ય મુદામાલ કબ્જે કરવાનો હોય, જેથી આરોપીને સાથે રાખી તેમના ઘરે તપાસ કરતા ઘરેથી રોકડા રૂપીયા ૨૦,૯૮,૦૦૦/-અન્ય મુદામાલ મુદામાલ કબ્જે કરેલ.

કબ્જે કરેલ મુદામાલમાં (૧) હોનરેબલ પ્રિન્સિપલ એન્ડ ડિસ્ટ્રિક્ટ સેસન્સ જજ જુનાગઢ ના હોદ્દાનો અસલ સ્ટેમ્પ સિક્કો, (૨) ખાખી કવર, (૩) કોરા હાજરી રજિસ્ટર, (૪) કર્મચારીની સર્વિસ શીટ, (૫) લેપટોપ તથા કોમ્પ્યુટર, (૬) ઈન્ડિયન રેલવે ના લાલ કલરના લોગો વાળા સ્ટિકરની - ૩ શીટ, (૭) કલેકટર ઓફિસ રાજકોટ ના સિક્કા વાળા સ્ટીકરની - ૩ શીટ, (૮) ભારતીય રેલ્વે ના બ્લુ કલરના લોગો વાળા સ્ટીકરની - ૨ શીટ, (૯) રોકડા રૂપિયા ૨૦,૯૮,૦૦,૦૦૦/-, (૧૦) બે જોડી પોલીસ યુનીફોર્મ તથા આઈકાર્ડ.

(અનુ. પાના ૭ ઉપર)


હેવન ઈન્ટીરીયર ફર્નિચર
www.heavenfurniture.co.in
300+ Site complete
All over Gujarat
heaven FURNITURE
હેવન ફર્નિચર
M. 97263 15003
INTERIOR
COLOR WORK
POP WORK
SOFA WORK
મૈરીઓટ પ્લાઝા, ચોથા માળે, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ફલેટ વેચવાનો છે
2 BHK ડાઈનીંગ, ફલેટ
2BHK ડાઈનીંગ, ફુલ ફર્નિચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદ્દન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે,
નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

ઔદ્યોગીક હેતુ માટેની બાંધકામ સાથેની મોકાની જગ્યા
ભાડે આપવાની છે
વંથલી - માણાવદર હાઈવે ટચ
૭૮૦૦૦ સ્કે. ફીટ જગ્યા
૧૨૦૦૦ સ્કે. ફીટ ગોડાઉન
બાંધકામ, ૧૭ ફૂટની હાઈટ સાથે
સંપર્ક : 63515 36215

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

દુકાન વેચવાની છે
દુકાન નં.૩ અને ૪, ગ્રાઉન્ડ ફલોર, આસોપાલવ કોમર્શિયલ બિલ્ડીંગ, હેવલ્સ શો-રૂમની સામે, એ.જી. સ્કુલની સામે, વણઝારી ચોક, જૂનાગઢ.
સંપર્ક : ૯૨૨૮૪ ૬૪૫૦૫

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

‘ઈ-શ્રમ’ પોર્ટલ
પર નોંધાયેલ અસંગઠિત/સ્થળાંતરિત શ્રમિકો માટે પ્રજાજોગ સંદેશ
‘ઈ-શ્રમ’ પોર્ટલ પર નોંધાયેલ શ્રમિક લાભાર્થીઓને રેશનકાર્ડ આપવા તથા પાત્રતા ધરાવતા શ્રમિકોને ‘રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩’ હેઠળ સમાવેશ કરી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અનાજ વિતરણનો લાભ આપવા બાબત
જો આપે ‘ઈ-શ્રમ’ પોર્ટલ પર નોંધાણી કરાવેલી હોય અને રેશનકાર્ડ ન ધરાવતા હોય તો આજે જ આપના જિલ્લાની નજીકની મામલતદાર કચેરી/ઝોનલ ઓફિસનો સંપર્ક કરી રેશનકાર્ડ કઢાવવા વિનંતી.
‘ઈ-શ્રમ’ પોર્ટલ પર નોંધાયેલ હોય તેવા અસંગઠિત/સ્થળાંતરિત શ્રમિકો જેવા કે બાંધકામ ક્ષેત્ર, ખેતી, મનરેગા, ફેરિયાઓ, ઘરેલુ કામદાર, સાગર ખેડૂઓ, રિક્ષા ડ્રાઈવર, દૂધ મંડળીના સભ્યો અને આવા અન્ય અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં શ્રમિકો કે જેની પાસે રેશનકાર્ડ છે પરંતુ, રાહત દરે મળતા રેશનની યોજનાના લાભથી વંચિત હોય તેવા અસંગઠિત શ્રમિકો પૈકી પાત્રતા ધરાવતા શ્રમિકોને N.F.S.A. હેઠળ સમાવેશ કરવા માટે ઝુંબેશ ચાલી રહી છે. આથી આજે જ આપના જિલ્લાની નજીકની મામલતદાર કચેરી/ઝોનલ ઓફિસનો સંપર્ક કરી ‘રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩’ (N.F.S.A.) હેઠળ સમાવેશ થવા માટે અરજી કરવા વિનંતી છે.
આપના જિલ્લાની નજીકની મામલતદાર કચેરી/ઝોનલ ઓફિસની વિગતો આપ https://dcs-dof.gujarat.gov.in/officers-list.htm વેબસાઈટ પરથી તથા My Ration Mobile Application Download કરીને મેળવી શકો છો
વધુ વિગતો માટે ટોલ ફ્રી નં ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ પર સંપર્ક કરવા વિનંતી.